Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૨ • તા. ૮ ઓગસ્ટ ૨૦૧૬ થી ૧૪ ઓગસ્ટ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## આદરણીય સ્વ.શ્રી ભવાનજીભાને પ્રથમ પુણ્યતિથિએ ભાવભિની શ્રધ્ધાંજલિ



## શેઠશ્રી ભવાનજી નરસી ભોજરાજ છેડા

સ્વર્ગવાસ : ૧૦/૦૮/૨૦૧૫

ફૂલ ખીલીને કરમાય છે, પણ જગતને સુવાસ આપીને...
સૂર્ય ઉગીને અસ્ત થાય છે, પણ જગતને પ્રકાશ આપીને...
ધૂપસળી બળીને ખાખ થાય છે, પણ જગતને સુગંધ આપીને...
દીર્ઘદ્રષ્ટા કર્મવીર કાળવશ થાય છે, પણ પ્રેરણાદાયી સ્મૃતિ આપીને...

### થઈ સોનથરીજા શિરોમણી, વધાર્યા સુથરી ગામજી શાન

સઠ વરેંથી સેવામેં લીન, ભવાનજીભા ભડવીર,
દાનવીર-સંઘપતિ-સંઘરત્ન, દુર્લભ જેં જો ખમીર.
જેં જે રગરગમેં સુથરી જે વિકાસ જો વિચાર,
તન વેઠો હો મુંબઈ મેં, મન કેં સુથરી વિહાર.
અતિથિએં જો આસરો ભનાયા યાત્રિકગૃહ સુથરી ગામ,
રતનબાઈ ભાણજી દેવજી યાત્રિકગૃહ નાલે શોભે તેં તે નામ.
ધર્મ પ્રત્યે અચલશ્રધ્ધાથી યોજ્યા યાત્રા-પર્યટન પ્રવાસ આયોજન,
ક.સુ.વે.ફંડ મારફત ક્યાં કન્યાકેળવણી શિક્ષણ-નેત્રયજ્ઞજા આયોજન.
જીવદયા, શ્રી સુથરી પાંજરાપોળજી ક્યાં કાયા પલટ,
અબોલ ચોપેંજી તન-મન-ધનસે સેવા ક્યાં વખતો વખત.
શ્રી સુથરી દેરાસરજો સમયે સમયે જીર્ણોધ્ધાર આંજી યશકલગી,
યાત્રિક પ્રત્યેજી સદ્ભાવના - યાત્રા પર્યટન લાભો આંજી જ પસંદગી.
થઈ સોનથરીજા શિરોમણી, વધાર્યા સુથરી ગામજી શાન,
સેવા ક્યાં ધરખમ ભવાનજીભા પામ્યા અધિકો માન.

લી.
શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જૈન દેરાસર
અને સાધારણ ફંડ, સુથરી
શ્રી સુથરી જૈન સંઘ
શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, સુથરી
શ્રી કચ્છ સુથરી વેલ્ફેર ફંડ
શ્રી સુથરી પાંજરાપોળ
શ્રી સુથરી હાઈસ્કુલ
સોનથરી ગ્રુપ અને સોનથરી લેડીઝ વીંગ
શ્રી સુથરી વૈષ્ણવ સમાજ
શ્રી સુથરી મુસ્લિમ સમાજ

# પુણ્યતિથીએ ભાવપૂર્વક સ્મરણાંજલી





**સ્વ. મણીલાલ પદમશી દંડ**
સ્વર્ગવાસ તા : ૧૦-૨-૧૯૮૧

**સ્વ. નવલબેન મણીલાલ દંડ**
સ્વર્ગવાસ તા : ૫-૮-૨૦૦૫

ગામ સેવક ભરૂડીયા - હાલ-મુલુંડ







**સ્વ. મધુબેન રતીલાલ અનમ**
સ્વર્ગવાસ તા : ૧૪-૪-૨૦૦૧

કૌટુંબીક વાત્સલ્યતા, સૌ પ્રત્યે આદર - સ્નેહભાવ, સહયોગી થવાની ભાવના ધરાવતું પરોપકારી નિખાલસ સ્વભાવ, હેતભીનું-ધર્મમય જીવન જીવીને...લાગણી સભર સ્મૃતીઓની સુહાસ પ્રસરાવી ગયા, આપનો દિવ્ય આત્મા પરમ પદને પામો, એજ પ્રભુને પ્રાર્થના...

**તમારી અમર સ્મૃતિમાં આશિર્વાદના અભિલાષી**

અ.સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
અ.સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
અ.સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
અ.સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
શ્રી રતિલાલ વાઘજી અનમ
અ.સૌ. ઉર્મીલા તથા અશોક મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા કિશોર લાપસિયા
અ.સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
અ.સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
અ.સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
અ.સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી

ચિ. ધવલ, હિમાંશી, નિયતિ, પ્રથમેશ, તરેન, દમીત, પ્રિયાંક, અકીરા ના જય જિનેન્દ્ર

# શ્રી ક.દ.ઓ. જ્ઞાતીનું ગૌરવ



**આપશ્રીની ભારતીય જનતા પાર્ટીના**
**કલ્યાણ જિલ્લા વ્યાપારી એસોસિએશનના ઉપાધ્યક્ષ**
**પદેનિયુક્ત થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન**
**સહ રાજકીય અને સામાજિક ક્ષેત્રે ઉતરોતર**
**પ્રગતિના સોપાન સર કરો એવી શુભકામનાઓ**

## શ્રી દિપક ભવાનજી લોડાયા

મે. રામાપીર ડેવલોપર્સ
કચ્છ સાયરા, હાલે - ડોમ્બીવલી

**: શુભેચ્છકો :**

જવેરચંદ આણંદજી ખોના - સાંઘવ, ગાંધીધામ
ભુપેન્દ્ર લાલજી લોડાયા - વારાપધર, ગાંધીધામ
મુકેશ હીરાચંદ દંડ - નલિયા, ગાંધીધામ
રાજેશ મુરજી મૈશેરી - લાલા, ગાંધીધામ
કિરણ લખમશી મોતા - નલિયા
ગીતેન જેઠાભાઇ ધરમશી - બાયઠ, ગાંધીધામ
ભદ્રેશ ખીમજી લાલકા - વારાપધર, ગાંધીધામ

## મૈશેરી તથા લાપસિયા પરિવારનું ગૌરવ

### ચિ. કરણ ગિરિશ મૈશેરી

ઔરંગાબાદ (કચ્છ લાલા)



ચિ. કરણ એ B.E. (Electronic & Telecommunication) cleared CFA level 2 Examination MBA (Finance) - Norsee Monjee Institute of Management Studies Mumbaiની ડીગ્રી મેળવી ઉતિર્ણ થયેલ છે. હાલ Investment Bankers **K.P.M.G. India Pvt. Ltd.** માં જોડાયો છે.

**આ જ્વલંત સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.**

શુભેચ્છક

દાદા-દાદી : નવલબાઈ લીલાધર મૈશેરી, લાલા - વલસાડ
નાના-નાની : હિરબાઈ શામજી લાપસિયા સુથરી, પુના
ફઈ : ડૉ. તરલાબેન લીલાધર મૈશેરી, ઔરંગાબાદ
ડૉ. ઉષાબેન લીલાધર મૈશેરી, વલસાડ
મોટા બા બાપુ : સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા, ઔરંગાબાદ
માતા-પિતા : સૌ. ગીતા ગીરીશ મૈશેરી, ઔરંગાબાદ
ભાઈ : કેપ્ટન ડૉ. હાર્દિક ગીરીશ મૈશેરી, કાશ્મીર

## દંડ તથા ડાઘા પરિવારનું ગૌરવ



### C.A. હેત દિપક દંડ (શાહ) (ધ્રાફા - ડોંબિવલી)

અમારા **ચિ. હેત**એ ચાર્ટડ એકાઉન્ટન્ટ (C.A.) ની ડીગ્રી પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા મેળવી પરિવારનું ગૌરવ વધાયું છે.

ભવિષ્યમાં પ્રગતિના શિખરો સર કરી પરિવારનું નામ રોશન કરે એજ અંતરની શુભકામના અને શુભાશિષ.

શુભેચ્છક

દાદી-દાદા : માતુશ્રી જયાબેન ચંદુલાલ દંડ, ધ્રાફા
નાની-નાના : માતુશ્રી રાજબાઈ ભાણજી ડાઘા, દલતુંગી
માતા-પિતા : અ.સૌ. જ્યોતિ દિપક ચંદુલાલ દંડ
બહેન : શ્વેતા દિપક દંડ, (B.E. IT)

**તથા સમસ્ત દંડ અને ડાઘા પરિવાર**

**Mob.: 98194 19124**

## ચાલીસ ગામ તીર્થે શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ કરી આગમ દરબારની ભવ્ય રચના



પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે 'આગમ દરબાર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ચાલીસગામ શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ ઘણી જ મહેનત કરીને પિસ્તાલીસ ચંદરવા-પુઠીયા ગોઠવીને એની નીચે સુંદર નક્ષીવાળા સાપળા ઉપર તાડપત્ર ઉપર લખાયેલા આગમ ગોઠવ્યા હતા. પ.પૂ.આ. હિમાંશુશ્રીજીના માર્ગદર્શન હેઠળ આ કાર્ય કરવામાં આવ્યું. આષાઢ સુદિ તેરસના વિધિવત્ આગમની સ્થાપના કરીને પિસ્તાલીસ દિવસીય આગમ આરાધનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પિસ્તાલીસ દિવસીય એકાસણા એવં પિસ્તાલીસ એક એક આગમની વિશિષ્ટ આરાધનાનો લાભ એક આગમભક્ત પરિવારે લીધો છે. શ્રી સંઘ આગમ ભક્ત પરિવારની અનુમોદના કરે છે.

**પુસ્તક વિમોચન :** પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ સાથે અચલગચ્છીય આચાર્ય પ.પૂ. જયશેખરસૂરિ કૃત 'આભાવબોધ કુલક' ગ્રંથ અચલગચ્છીય મુનિરાજ શ્રી જ્ઞાનસાગર રચિત 'શ્રી શ્રીપાલ નૃપ રાસ' સહ સાચેત્ર ચાર પ્રકરણ (જીવવિચાર, નવતત્વ, દંડક અને લઘુ સંગ્રહણી) ગ્રંથોનું વિમોચન કરવામાં આવ્યું. 'અભાવબોધ કુલક' ગ્રંથનો સંપૂર્ણ લાભ માતુશ્રી મધુરીબાઈ કિરીટ લાપસીયાની પાવન સ્મૃતિમાં કિરીટભાઈએ લીધો.

'શ્રી શ્રીપાલ નૃપ રાસ'નો સંપૂર્ણ લાભ શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન - ચાલીસગામે લીધેલ. ચાર પ્રકરણ (સચિત્ર)નો લાભ વિવિધ દાતા પરિવારોએ લીધે છે.

ગચ્છાધિપતિશ્રીના સુવર્ણ વરસીતપની અનુમોદના પૂજ્યશ્રી ૫૦ ગ્રંથોના પ્રકાશન દ્વારા કરવાની ભાવના રાખે છે.

**ધર્મચક્ર અનુષ્ઠાન :** આષાઢ વદિ ૫ રવિવાર, તા. ૨૪ જુલાઈના ઋદ્ધિ-સિદ્ધિ એવં શાંતિ દાયક ધર્મચક્ર અનુષ્ઠાન રાખવામાં આવેલ. નાસિકથી ભાવેશભાઈ સંગિતકાર પોતાની મંડળી સાથે પધારેલ. ધર્મચક્ર અનુષ્ઠાન પછી શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.




વડીલ પેઢી માનતી આવી છે કે શાળાનાં સંસ્મરણ આપણી મિલકત છે. આ મિલકત આજનાં બાળકો પણ રળવાનાં, પણ ક્યા ભોગે ? કોના ભોગે ? એમાં મીઠાશ હશે ખરી ?




## વિદેશ પ્રયાણ





### ચિ. કિર્તીદા ઝવેરચંદ નાગડા

**નાગડા** અને **ખોના પરિવાર**ની ઝળહળતી કિર્તી પતાકા સમી દીકરી **કિર્તીદા ઝવેરચંદ નાગડા**ને Ernst & Young (U.K.) જેવી માતબર કંપનીમાં પોતાની કાર્યકુશળતા દર્શાવવાની તક મળી છે.

ત્યાં પણ તેમને જ્વલંત સફળતા પ્રાપ્ત થાય એવી શુભેચ્છા...

-: શુભેચ્છક :-

પિતા : શા. ઝવેરચંદ વીરચંદ નાગડા
માતા : લતા ઝવેરચંદ નાગડા
ભાઈ : ચિ. વિશાલ ઝવેરચંદ નાગડા
દાદાણાં : શા. વીરચંદ કાનજી નાગડા સમસ્ત પરિવાર (જખૌ)
નાનાણાં : શ્રીમતી કાંતાબાઈ શામજી ઉમરશી ખોના પરિવાર (જખૌ)

**સ્કૂલોમાં થીજેલું બાળપણ** (સામેના પાનેથી ચાલુ)

શૈશવ છીનવી લેતા ત્રણ વિલન છેઃ સમય, જેને આપણે રોકી નથી શકવાના. અપેક્ષા, જે મા-બાપ લાદે છે અને સ્કૂલ, જે થોપાયેલી શિક્ષણ પ્રણાલીનું રૂપાળું નામ છે. શિક્ષણનો વિરોધ ક્યારેય ન હોય. વિરોધ શિક્ષણને કારણે ભીંસાતી શૈશવની ક્ષણનો છે.

અડધી ચડ્ડી પહેરેલાં વહાલાં લાગતાં ભુલકાં અને માથે રિબન બાંધેલી ચૂંટમૂટ બહેનબાઓ શાળાનો બેલ વાગતાં સનનનન કરતાં છૂટે ત્યારે જે આનંદ એમના ચહેરા પર હોય છે એ ભણતી વખતે કેમ નથી દેખાતો ?



મસ્તમજાના ટોમ ઍન્ડ જેરી, ડોરેમોન, એલેક્સનાં વૈભવી સપનાંમાં આળોટતાં બાળકને સટાસટ સાત વાગે તો સ્કૂલે નીકળી જવું પડે. શાપિત સિસ્ટમના શિકાર બનેલાં કે.જી. કે નર્સરીના બાળકો હજી તો ઠાકોરજીના મંગળા થયા હોય એ પહેલાં નાળિયેરની જેમ વધેરાઈ જાય. મંગળાથી શયન સુધી વિસ્તરતું શિક્ષણ શિસ્ત માટે છે, સંસ્કાર માટે નહીં ? મૂડી માટે છે, મૂલ્યો માટે નહીં ?

ગરમીમાં યુનિફૉર્મ પર ફરજિયાત પહેરવી પડતી ટાઈ એ ખરેખર તો ભારતની આઝાદીનું અપમાન છે. પ્રસંગોપાત અત્યાચાર હજી સહી શકાય, પણ રોજિંદી ગૂંગળામણની ફરિયાદ બાળક ક્યાં જઈને કરવાનું ? બાળકોના અફસોસ ઓળખી શકે એ હદે આપણી આંખો સ્નાતક ક્યારેય થઈ નથી.

મમતાનું રૂપ ગણાતી મમ્મીઓ જાણતાં-અજાણતાં પોતાના બાળક પર અત્યાચાર કરતી હોય છે. મમ્મી માટે જ્યારે માર્ક્સ જ ભગવાન બની જાય ત્યારે બાળકની આરતી બુઝાતાં વાર નથી લાગતી. બાળકો પર ચોંપ રાખવી એ નિસબત છે, પણ હઠાગ્રહ રાખવો એ દમન છે.

આપણને સ્કૂલમાં જે શિખવાડવામાં આવે છે એ વ્યવહારજગતમાં વિશેષ ઉપયોગી નીવડતું નથી. ભૂગોળનાં અંતરો યાદ રાખવા બળપૂર્વક જે ગોખાગોખી કરી હતી એ જિંદગીમાં સાલી ચા બનાવવામાંય કામ આવી ખરી ? કૉમર્સમાં ફર્સ્ટ ક્લાસમાં ગ્રૅજ્યુએટ થનારા વિદ્યાર્થીને બૅન્કની સ્લિપ બુક ભરવાનાં ફાંફાં પડે છે. દફ્તરનું દાયિત્વ, લેસનનું ટેન્શન અને હોમવર્કનો હાઉ લઈને જીવતું બાળક દયનીય છે.

પિતા તરીકે શિક્ષણવિદોને કેટલાંક સૂચન કરવાં છે. શું સ્કૂલમાં રોજ એક પિરિયડ એવો રાખી શકાય, જેમાં બાળકો લખોટી, પગથિયાં, ભમરડો, થૂઈથપ્પો, ડબ્બા આઈપાઈસ જેવી મેદાની રમતો રમતાં હોય. કોઈ પણ એક વાજિંત્ર શીખવાનો વિકલ્પ બાળકને મળે તો એની ચેતનામાં જબરદસ્ત ફેરફાર થઈ શકે. ડિસ્કવરી-હિસ્ટરી-નૅશનલ જ્યોગ્રોફી જેવી ચૅનલની કોઈ અદ્‌ભુત સિરીજ અભ્યાસક્રમમાં હોય, જેના કોઈ માર્ક્સ ન હોય. ઇનામમાં માત્ર તુલસીનો ક્યારો આપવાનો. સાષ્ટાંગ દંડવત વિનંતી છે કે એક વિષય માતૃભાષાનો પણ હોય.

નાના પણ રોજિંદા કૌશલ્યો શીખવવામાં આવે. બટન ટાંકવાનું, રોટલી બનાવવાનું, સ્વનિર્ભર જીવી શકે એવી માનસિકતા કેળવવાનું, ગારમાટીથી વન બીએચકે બનાવવાનું, જાતે રમકડાં ઘડવાનું, પંખીઓને ઓળખવાનું, વૃક્ષોને જાણવાનું શીખવવામાં આવે. બાળક પાસે જો એક વૃક્ષ દત્તક લેવડાવવામાં આવે તો એ ક્યારેય કઠિયારો નહીં બને. કમનસીબે આપણી શિક્ષણપદ્ધતિમાં જેટલું સ્થાન માહિતીનું છે એટલું મૂલ્યોનું નથી.

શૈશવના શબને જીવતું-જાગતું ફરતા જોવાનું દુઃખ આંખમાં બહુ બહુ તો આંસુ લાવી શકે, ક્રાંતિ નહીં એટલે એક શૉર્ટ કટ કહું.

બાળકને એક વર્ષ મોડું ભણવા મૂકો. સજા ઓછી નહીં થાય, સજાની તીવ્રતા જરૂર ઓછી થશે.

**- હિતેન આનંદપરા,** 'પલક'માંથી સાભાર


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**આયરીસ બેંકવેટ** એ.સી. હૉલ
**Iris** Banquette
Ideal For :
- ENGAGEMENT
- WEDDING
- BABY SHOWER
- CONFERENCE
- GET TOGETHER
- MEETING - SEMINAR &
- ALL JOYOUS OCCASION

- સગપણ વિધિ
- લગ્નોત્સવ
- શ્રીમંત પ્રસંગ
- કોન્ફરન્સ
- ગેટટુગેધર
- મિટીંગ - સેમિનાર

બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 32/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# મોક્ષ માર્ગની સાધનાનો રાજમાર્ગ જૈન સાધુત્વનો સ્વીકાર

જૈન ધર્મમાં સાધુપદનો અચિંત્ય મહિમા ગવાયો છે. સંસારની સર્વ કામનાઓ છોડી મોક્ષમાર્ગની સતત સાધના કરનાર સાધુભગવંતોને એટલે જ નમસ્કાર મહામંત્રના પાંચમા પદે 'નમો લોએ સવ્વ સાહૂણં' કહીને નમસ્કાર કરવામાં આવ્યા છે. સાધુપદનો મહિમા ગવાતાં એથી જ કહેવાયું છેઃ

**સાધુનાં દર્શન પુણ્યં, તીર્થભૂતા હિ સાધવઃ । તીર્થં ખલતિ કાલેન, સદ્યઃ સાધુસમાગમઃ ।।**

જંગમ તીર્થરૂપ સાધુભગવંતનાં દર્શનથી પુણ્યોપાર્જન થાય છે. સ્થાવર તીર્થ કરતાં પણ તરત ફળ આપનારા સાચા જંગમ તીર્થનો મહિમા મોટો છે.

ભગવાન મહાવીરના નિર્વાણને અઢી હજાર વર્ષ કરતાં પણ વધુ વર્ષ થયા છે. એમ છતાં તેમનું શાસન આજે પણ અવિચ્છિન્ન અને અખંડિત રીતે ચાલી રહ્યું છે એની પાછળ જૈન સાધુઓનું મોટું યોગદાન રહ્યું છે એ નિઃસંદેહ છે.

જૈન સાધુઓના આચાર વિશે જેટલો સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવ્યો છે એટલો સૂક્ષ્મ વિચાર અન્ય ધર્મમાં કરવામાં આવ્યા નથી. જૈન સાધુઓ પંચમહાવ્રતધારી કહેવાય છે. આ પાંચ મહાવ્રત આ પ્રમાણે છે : (૧) પ્રાણિતિપાત વિરમણ વ્રત (અહિંસા), (૨) મૃષાવાદ વિરમણ વ્રત (સત્ય), (૩) અદત્તાદાન વિરમણ વ્રત (અસ્તેય), (૪) મૈથુન વિરમણ વ્રત (બ્રહ્મચર્ય) અને (૫) પરિગ્રહ વિરમણ વ્રત (અપરિગ્રહ).

જૈન સાધુઓ પોતાનાં પાંચ મહાવ્રતને અનુરૂપ ચારિત્રનું ઘડતર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન વડે કરે છે. સમ્યક્ પ્રવૃત્તિ કે એકાગ્ર પરિણામવાળી સુંદર ચેષ્ટાને સમિતિ કહેવાય છે. એના પાંચ પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઈર્યા સમિતિ, (૨) ભાષા સમિતિ, (૩) એષણા સમિતિ, (૪) આદાન નિક્ષેપ સમિતિ અને (૫) પરિષ્ઠાયનિકા સમિતિ. જેનાથી અનિષ્ટ સંપર્ક અને અનિષ્ટ પરિણામ અટકાવી શકાય એને ગુપ્તિ કહે છે. એના પ્રકારો આ પ્રમાણે છે : (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કામગુપ્તિ.

જૈન ધર્મમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને પાંચ પરમેષ્ઠી તરીકે ઓળખાવવામાં આવે છે. આ પંચ પરમેષ્ઠીના કુલ ૧૦૮ ગુણ દર્શાવતાં કહેવાયું છે :

**બાર ગુણ અરિહંતના, પ્રણમીજે ભાવે સિદ્ધ આઠ... ગુણ સમરતા, દુઃખ દોહગ જાવે... આચરણ ગુણ છત્રીસ, પચવીસ ઉવજઝાય સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય અસ્ટોત્તર શત ગુણ મળી, એમ સમરો નવકાર ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર.**

શ્રી પંચ પરમેષ્ઠીના આ ૧૦૮ ગુણોમાંથી સાધુના ૨૭ ગુણો આ પ્રમાણે છે : (૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ, (૫) પરિગ્રહ વિરમણ, (૬) રાત્રિભોજન વિરમણ, (૭) પૃથ્વીકાયની રક્ષા, (૮) અપકાયની રક્ષા, (૯) તેઉકાયની રક્ષા, (૧૦) વાયુકાયની રક્ષા, (૧૧) વનસ્પતિકાયની રક્ષા, (૧૨) ત્રસકાયની રક્ષા, (૧૩) સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ, (૧૫) ઘ્રાણેન્દ્રિયનો નિગ્રહ, (૧૬) ચક્ષુન્દ્રિયનો નિગ્રહ, (૧૭) શ્રોતેન્દ્રિયનો નિગ્રહ, (૧૮) લોભ નિગ્રહ, (૧૯) ક્ષમા ધારણા, (૨૦) ચિત્તની નિર્મલતા, (૨૧) વસ્ત્રાદિકનું પડિલેહણ, (૨૨) સંયમયોગમાં પ્રવૃત્તિ, (૨૩) અકુશવચનનો નિરોધ, (૨૫) અકુશલકાયાનો નિરોધ, (૨૬) પરિષહો સહન કરવા અને (૨૭) મરણાદિક ઉપસર્ગો સહન કરવા.

જૈન સાધુઓ અપરિગ્રહી હોવાથી છત્રી, બૂટ ચંપલ, છરી, કાતર ઈત્યાદિ કશું જ વાપરતા નથી. તેઓ વાહનનો ઉપયોગ કરતા નથી. ચાતુર્માસ સિવાય એક સ્થળે તેઓ રહેતા નથી. એના

પણ નિયમો હોય છે. ઉઘાડા પગે પાદવિહાર એ જૈન સાધુનું એક અત્યંત મહત્ત્વનું લક્ષણ છે. ઝડપી વાહનોના વર્તમાન યુગમાં પણ સાધુઓ પાદવિહારમાં પોતાનો કાર્યક્રમ તરત ગોઠવી શકે છે. વિહારથી આરોગ્ય સારું રહે છે અને વિશાળ જનસંપર્કમાં રહેવા છતાં કોઈ સ્થળ, સંઘ કે વ્યક્તિ પ્રત્યે રાગદ્વેષ થતા નથી. સંયમ માટે, બ્રહ્મચર્યના પાલન માટે પણ જંઘાશ્રમપૂર્વક થતો પાદવિહાર ખૂબ ઉપયોગી છે. વિહારમાં ઊંચકી શકાય એટલી જ વસ્તુઓ રાખવાની હોવાથી પરિગ્રહ પણ પરિમિત બની જાય છે.

સાધુભગવંતનું સ્વરૂપ દર્શાવતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'પંચ પરમેષ્ઠિ ગીતા'માં લખ્યું છે :

**કલેશ નાશિની દેશના, દેત ગણે ન પ્રયાસ અસંદીન જિમ દ્વિપ તથા ભવિજન આશ્વાસ તરણ તારણ કરુણા પર જંગમ તીરથ સાર ધન ધન સાધુ સહુંકરા, ગુણમહિમા ભંડાર**

શ્રીમદ્ રાજચંદ્રે પણ સાધુત્વનો મહિમા ગાતાં પોતાના હૃદયનો ઉત્કૃષ્ટ ભાવ ભાવતાં લખ્યું છે :

**અપૂર્વ અવસર એવો કયારે આવશે ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.**

જૈન ધર્મે સાધુઓનો આદર્શ ઘણો ઊંચો રાખ્યો છે. દુનિયાના વિવિધ ધર્મોમાં ગૃહસ્થજીવન છોડીને સાધુનો વેશ ધારણ કરી ત્યાગમય જીવન જીવનારા ઘણા છે, પરંતુ જે રીતે જૈન સાધુઓ પોતાનું દીક્ષિત જીવન જીવે છે એની તોલે દુનિયામાં કોઈ ન આવી શકે. અંતરમાં સાચી દૃઢ શ્રદ્ધા અને મોક્ષાભિલાષા ન હોય તો આવા કષ્ટભર્યા સાધુજીવનનો સ્વીકાર ન થઈ શકે. એટલે જ કહેવાયું છે કે 'સ્વપરહિતં મોક્ષાનુષ્ઠાનં વા સાધયતિતિ સાધુઃ' અર્થાત્ જે સ્વહિત, પરહિત કે મોક્ષનું અનુષ્ઠાન સાધે તે જ સાધુ. આ વ્યાખ્યાને સાર્થક કરનારા આપણા પંચ પરમેષ્ઠીના પાંચમા પદે બિરાજમાન એવા ઉપકારી શ્રમણભગવંતોને કોટિ-કોટિ વંદના.

**– ચીમનલાલ કલાધર,** 'મિડ-ડે'માંથી સાભાર


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## કોચીનમાં પોપટાને પાંજરાથી મુક્ત કરાવામાં આવ્યા



"કોઈ પણ પક્ષીને પીંજરાના બંધનમાં ન રાખવું" આ સંદેશના પ્રચારના ભાગ રૂપે તા. ૨૮-૬-૨૦૧૬ના કોચીના અરૂર વિસ્તારમાં વેંચવા આવેલ એક સો ત્રણ પોપટને માંના પાંચ પીંજરામાં ઠસોઠસ ભરેલા હતા, તથા તા. ૮-૭-૧૬ના કોચીના તોપમ્પડી વિસ્તારમાં વેચવા આવેલ એકસઠ પોપટ, જે બે નાના પીંજરામાં હતા, તેમને મુકેશ માણેકજી લોડાયા, જૈન જૈન ફાંઉન્ડેશન દ્વારા બચાવીને, તેઓને ફોરેસ્ટ ડિર્પાટમેન્ટ, કોડનાકમાં લગભગ ૧૫ દિવસ માટે સૌંપણી કરવામાં આવી, જેથી તેઓ મોટા પીંજરામાં સ્વસ્થ થઈ ને ઉડવા માટે સમક્ષ થઈ શકે, અને પછી તેઓને ત્યાંથી આકાશમાં મુક્ત કરવામાં આવ્યા વેંચનારને રોજીરોટી માટે અન્ય વ્યવસાય કરવા માટે ધન સહાય કરવામાં આવી.



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન – જિનપૂજામાં એકેન્દ્રિયાદિ જીવોની હિંસા થાય છે તો એમાં પુણ્ય કેવી રીતે સંભવી શકે ?**

**ઉત્તર –** એકેન્દ્રિયાદિ સર્વ જીવોની હિંસાના ત્યાગી જીવો માટે દ્રવ્ય પૂજાનો નિષેધ છે. દ્રવ્ય પૂજા કરવાની જ નથી. જેમણે સંપૂર્ણપણે ત્રસ જીવોની હિંસાનો પણ ત્યાગ નથી કર્યો એવા ગૃહસ્થો માટે જ જિનપૂજાનું વિધાન છે.

સતત આરંભ-સમારંભ અને પરિગ્રહમાં બેઠેલા ગૃહસ્થો માટે જિનપૂજા દુષણ નહિં ભુષણ સ્વરૂપ છે. જ્યાં સુધી તમે તમારા માટે એકેન્દ્રિયાદિની વિરાધના કરો છો ત્યાંસુધી તમારે અવશ્ય જિનપૂજા કરવાની છે. જે ક્ષણે તમે સર્વ જીવોને અભયદાન આપવાના પચ્ચક્ખાણ કરો છો એજ ક્ષણે જિનપૂજા સ્વયંમેવ છૂટી જાય છે.

સાધુને માટે સંયમ રક્ષા નિમિત્ત નદી ઉતરવી તે દોષરૂપ નહિં. પરંતુ ગુણરૂપ છે. તેવીજ રીતે સ્થાવરકાયનો આરંભ થવા છતાં જયણા પૂર્વક ગૃહસ્થની દ્રવ્ય પૂજાની પ્રવૃત્તિ દોષરૂપ નથી પરંતુ ગુણસ્વરૂપ છે. દુર્ગતિદાયક નહિં પરંતુ સદ્‌ગતિ દાયક બને છે.

**પ્રશ્ન – પ્રભુ ભક્તિમાં ચામડાથી મઢેલા ઢોલક – તબલા વાપરી શકાય ?**

**ઉત્તર –** પ્રભુ ભક્તિ એક શ્રેષ્ઠ આરાધના છે. જિનેશ્વર પરમાત્મા સંપૂર્ણ વિશ્વના પરમ ઉપકારી, મહાપવિત્ર, શ્રેષ્ઠ પુરૂષ છે. એમની ભક્તિ પ્રાણીમાત્રનું પરમ કર્તવ્ય છે. જિનભક્તિ ભાવવૃદ્ધિની એક મહાન સાધના છે. સંગીત એક કલા છે. જિનભક્તિ સાથે જ્યારે સંગીત જોડાય છે. ત્યારે

|| શ્રી ચંદ્રપ્રભ સ્વામીએ નમઃ||

|| શ્રી અંબઈ માતાએ નમઃ|| || શ્રી ખેતરપાર દાદાએ નમઃ||

### ગામ પરજાઉ કોઠારા - નાગડા પરિવાર
### ભાવિકોની કુળદેવી શ્રી અંબઈ માતાજીની સમૂહ પેડી

જય માતાજી સાથે જણાવવાનું કે માદરે વતન ગામ પરજાઉ મેપાણીના ડેલીમાં બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવીમાં અંબઈમાની સમૂહ પેડી (જુવાર) કારતક સુદ પુનમ તા. ૧૪-૧૧-૨૦૧૬ના સોમવારે ચડતા પોરે કરવામાં આવશે. શ્રી અંબઈમાને નમતા દરેક ભાવિકો પરજાઉ સ્થાનમાં પધારવા ભાવભીનું આમંત્રણ છે. નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ.

ગયા વર્ષની પેડીનો લાભ શ્રી ખીમજી સામજી નાગડા પરિવારે લીધેલ. આ વર્ષની સમૂહ પેડીના દાતા થવાની ઈચ્છા હોય તે સંપર્ક કરે.

**ભોઈમાં દેવકુંવર વિશનજી મેપાણી** - 09323973654

**શ્રી મણિલાલ ચત્રભોજ નાગડા** - 09323671290
**શ્રી પ્રફુલ લક્ષ્મીચંદ નાગડા** - 09820443772
**શ્રી પરેશ ખીમજી નાગડા** - 09867797833
**શ્રી રાજેશ વિશનજી મેપાણી** - 09820302632


માતૃશ્રી વાલબાઈ મુલજી શાહ (સણોસરા) સર્વાંગી વિકાસ કેન્દ્ર

**બહેના** સંચાલિત

**વૈદ્ય હાશમભાઈ ખત્રીની કેમ્પ**

નાલાસોપારા | મલાડ | ડોંબીવલી | ઘાટકોપર | હિંદમાતા | તારદેવ | મુલુન્ડ

હઠીલા જુના હાડકાના દર્દો જેવા કે **સાઈટીકા, સ્પોન્ડીલાઈટીસ, ફ્રોઝન શોલ્ડર, ઘુટણ** તથા **એડીના દુઃખાવા, કમર, મણકા** અને **સાંધાનું** પકડાઈ જવું વગેરે દર્દોનું નિદાન કચ્છ મુન્દ્રાના **વૈદ્ય હાશમભાઈ ખત્રીની સાત દિવસની કેમ્પનું આયોજન...**



(૧) **નાલાસોપારા-પૂર્વ** : શનિવાર, તા. ૨૦-૦૮-૨૦૧૬, સમય સવારના ૯ થી ૧ **શ્રીમતી હીનાબેન સંઘવી** - ફોન : **93223 85512**

(૨) **મલાડ** : રવિવાર, તા. ૨૧-૦૮-૨૦૧૬ **શ્રીમતી મંજુલાબેન દેઢિયા : 97694 05023**

(૩) **ડોંબીવલી** : સોમવાર, તા. ૨૨-૦૮-૨૦૧૬ સવારના ૯ થી ૧, **શ્રી મણીલાલભાઈ છેડા : 98330 43795**

(૪) **ડોંબીવલી** : સોમવાર, તા. ૨૨-૦૮-૨૦૧૬ ફક્ત નવનીત નગરના રહેવાસીઓ માટે સમય ૩ થી ૬

(૫) **ઘાટકોપર** : મંગળવાર, તા. ૨૩-૦૮-૨૦૧૬, **શ્રી નિતીનભાઈ સાવલા : 93240 61626**

(૬) **હિંદમાતા** : બુધવાર, તા. ૨૪-૦૮-૨૦૧૬, **શ્રી રાજેશભાઈ મારૂ : 2418 6432**

(૭) **તારદેવ** : ગુરૂવાર, તા. ૨૫-૦૮-૨૦૧૬, **શ્રી કિરીટભાઈ દેઢિયા : 89766 08131**

(૮) **મુલુન્ડ** : શુક્રવાર, તા. ૨૬-૦૮-૨૦૧૬, **શ્રીમતી જાગૃતીબેન ખોના : 2568 9999**

**નોંધ :** ૧૦ થી ૬ ની વચ્ચે વહેલા તે પહેલા ધોરણે એરીયા પ્રમાણે ઉપરોક્ત સંપર્ક નંબર ઉપર પહેલાથી નામ, ઉંમર અને ફોન નંબર લખાવી નિર્ધારીત સમય મેળવી રજીસ્ટર કરાવવુ જરૂરી છે. કેમ્પના દિવસે દર્દીએ જુના રીપોર્ટ સાથે નિર્ધારીત સમયની અર્ધા કલાક પહેલા આવવુ જરૂરી છે.

**લિ. બહેના પરિવાર**

RUJUTA / 98213 30432

એનો પ્રભાવ અને એના દ્વારા થતી ભાવવૃદ્ધિ વિશિષ્ટ કોટિની હોય છે. વીણા, ઢોલ, નગારા, મૃદંગ વિગેરે સંગીતના સાધન છે. સંગીતમાં તાલ આદિ માટે એમની અનિવાર્યતા છે. તેવીજ રીતે પરમાત્મા વિચરતા હોય છે ત્યારે પણ એમના સ્પષ્ટ પ્રાતિહાર્યમાં દિવ્ય ધ્વનિ અને દેવદુંદુભિ જેવા સાધનો હોય છે. તેથી જિનભક્તિમાં ઢોલ-નગારાદિ સાધનાનો ઉપયોગ અયોગ્ય કે દોષિત જણાતો નથી. મંગલમય અને નિર્દોષમય છે. ધર્મગ્રંથોમાં એના ઉપયોગનો નિષેધ ક્યાંય જણાવવામાં આવ્યો નથી.

**પ્રશ્ન – પ્રતિમા તો નિર્જીવ છે તેનાથી શું ફાયદો થાય ?**

**ઉત્તર –** નિર્જીવ કે જડ પ્રતિમા પણ ઘણીજ લાભકારી છે. જેવી આકૃતિનું દર્શન કરવામાં આવે છે એ અનુરુપ વિચારો મનમાં પ્રબળ બને છે. ભોગીને જોઈને ભોગના વિચારો અને યોગીને જોઈને યોગના વિચારો મનમાં પ્રવેશે છે. ઉપકારી વડિલો કે પ્રિયજનોના ચિત્રાદિને જોઈને એમના ઉપકાર અને ગુણોની સ્મૃતિ થાય છે. એવીજ રીતે ઈષ્ટ દેવની પ્રતિમા જોઈને ઈષ્ટદેવના ગુણોની સ્મૃતિ અને ચિંતન થાય છે.

એકલવ્યને ગુરુ દ્રોણાચાર્યની પ્રતિમા દ્વારાજ અર્જુન જેવીજ વિદ્યાની પ્રાપ્તિ થઈ હતી. શુભાશુભ આકૃતિમાં શુભાશુભ ભાવ નિર્માણ કરવાની શક્તિ છે તેથી જ શુભ ૯ આકૃતિથી લાભ અને અશુભ આકૃતિથી હાનિ થાય છે. શુભ ભાવોનું આલંબન હોવાથી પ્રતિમા એકાંતે લાભકારી છે.

**પ્રશ્ન – જડ વસ્તુ લાભ – હાનિ કરાવી શકે ?**

**ઉત્તર –** હા, જડ વસ્તુમાં પણ લાભ-હાનિ કરાવવાની શક્તિ છે. પ્રભુજીનું લેવાતું નામ પણ જડ છે. જડ એવું પણ નામ ગુણસ્મરણ કરાવનારું છે. નામસ્મરણથી ગુણસ્મરણ અને ગુણસ્મરણથી મનશુદ્ધિ અને ભાવશુદ્ધિની પ્રાપ્તિ થાય છે. શુભ ભાવ માટેનું પુષ્ટ આલંબન હોવાથી જડ વસ્તુ લાભકારી બની શકો છે.

પુસ્તક જડ છે... શાસ્ત્રો જડ છે. પરંતુ આ શાસ્ત્રોના અભ્યાસથી જડતા દૂર થાય છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્માની ચૈતન્યશક્તિ ઉર્ધ્વગામી બને છે.

સંયમ જીવનના કે સામાયિકના ઉપકરણ જડ છે. પરંતુ એના દ્વારા કરાતી આરાધના જડતાને દૂર કરી આત્માના ચારિત્ર ગુણના વિકાસમાં સહાયક બને છે.

પ્રભુપૂજા માટે વપરાતા ઉપકરણ પણ જડ છે છતાં તે સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે. આત્માના મોક્ષગમનમાં લાભકારી બને છે. એનાથી વિરુદ્ધ શ્રૃંગાર સજેલી સ્ત્રીનો ફોટો, હિંસક શસ્ત્રાદિ જડ હોવા છતાં કામ વાસના અને હિંસાદિ ભડકાવી નુકસાન કરનારા બની શકે છે.


શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૯. • ઈમેલઃ anantnathderasar@gmail.com

**અનેરો અવસર, જ્ઞાતિ ધર્મમાં થાય તરબતર, અને મળીએ એકમેકને સ્નેહસભર !**

**સમૂહ સાંજી–સામુહિક ક્ષમાપના–તપસ્વી બહુમાન**

**અઠ્ઠાઈ અને તેથી વધુ તપ કરનારા જ્ઞાતિજનોનું અભિવાદન,**
**લકી ડ્રો થકી ત્રણ તપસ્વીઓને સમ્મેતશિખરજીની યાત્રા કરવાનો મહામૂલો લહાવો**

**સમગ્ર જ્ઞાતિને પર્યુષણ પછી સાંવત્સરિક સામુહિક ક્ષમાપના**

વ્યક્તિગત ધોરણે સાંજી અને ક્ષમાપના કરી ઓછા જ્ઞાતિજનોને ઝાઝો સમય,
ઝાઝી શક્તિ ખર્ચીને મળવાને બદલે ઓછા સમયમાં, **એક જ સ્થળે સૌને ખમાવવાનો અનોખો અવસર !**

મુંબઈ મહાજનશ્રીનું આયોજન ❖ સહુને સુગમ પડતું મધ્યવર્તી સ્થળ
❖ પવિત્ર વાતાવરણ, પાવન અવસર ❖ **નાત જમણ (સવારે ૧૦.૩૦ થી ૧)**

પાવન નિશ્રા : **પરમ પૂજ્ય સાધ્વીજી-ભગવંતો અને પ.પૂ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**

**દિવસ :** રવિવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૬ ● **સમય :** સવારે ૦૯.૦૦ થી ૦૧.૦૦
**સ્થળ :** ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

પર્યુષણ દરમિયાન અઠ્ઠાઈ કે વધુ તપ કરનારાઓને **૦૭ સપ્ટેમ્બર ૨૦૧૬** સુધીમાં મહાજનના કાર્યાલયમાં નામ મોકલી આપવા વિનંતી.

વધુ માહિતી માટે સંપર્ક : **મુંબઈ મહાજનના કાર્યાલય – ફોન : 2344 8274 / 98927 41414**

ધાર્મિક સમિતિ કન્વીનર : **હિરેન નવિનચંદ્ર લાપસીયા (98194 10399)**

**ક.દ.ઓ. પોકેમોન ગો** – છેલ્લા ૩૨મા પાનાથી ચાલુ

જો તમારા ધ્યાનમાં અત્યાર સુધી ન આવ્યું હોય તો તમને જણાવી દઉં કે દુનિયાભરમાં 'પોકેમોન ગો' નો જબ્બર જુવાળ ફેલાયો છે. તે સ્માર્ટ ફોન પર રમી શકતી ફ્રી ગેમ છે. જે લોકપ્રિય પોકેમોન કાર્ટુન સિરિઝ પર આધારિત છે.

ગેમમાં તમે પોકેટ મોન્સ્ટરને પકડી શકો છો. તેને ટ્રેનિંગ આપીને બીજાની સાથે લડાવી શકો છો. આ ગેમ એટલી તો વાઈરલ બની ગઈ છે કે તેના એક્ટિવ યૂઝર ટ્વિટર, ફેસબુક કરતાં પણ વધારે છે. એપને બનાવનાર નિન્ટેડોની માર્કેટ વેલ્યુ એક જ અઠવાડિયામાં ૩.૫ અબજ ડૉલર વધી ગઈ છે. આ ઉપલબ્ધિ ખરેખર અસામાન્ય છે. તેની પાછળના ડાયનેમિક્સ જોવા જરૂરી છે.




ગેમની સફળતા પાછળ ઘણા કારણો છે. તેમાં સોશ્યલ મીડિયા અને ટાઈમિંગ પણ મહત્ત્વનું છે. જોકે સૌથી મોટું કારણ તો બ્રાન્ડિંગ અને ભાવવિભોર થવા ઓગમેટેક રિયાલીટી છે. એક દાયકા અગાઉ દુનિયાભરના બાળકો ટીવી સ્ક્રીનની સાથે ચોંટીને કાર્ટુન સિરિઝના પાત્ર એશને પોકેમોન પકડતા જોતા હતા. આ જ કારણસર પોકેમોન શબ્દ આજે નોસ્ટાલ્જિયા અથવા તો અતીત માટેની લાગણી પેદા કરે છે.

સ્ક્રીન પર દેખાતી આભાસી વાસ્તવિકતા તમારી વાસ્તવિક દુનિયામાં સાકાર થાય છે. હવે તમે સોફા પર બેસીને સ્ક્રીન પર પોકેમોન નથી પકડતા પણ ઘરની બહાર નિકળીને તમારે એને શોધવા પડે છે. આ રીતે વાસ્તવિક અને આભાસી દુનિયા વચ્ચેની રેખા હવે ઓછી ધૂંધળી થઈ છે.

મૂળ સિધ્ધાંત એવો છેકે ગ્રાફિક્સ, ઓડિયો તથા અન્ય સેન્સરી અનુભવોને વાસ્તવિક દુનિયા સાથે જોડવા. તેના કારણે વ્યાપક સંભાવતાઓ ખૂલી છે. જેમ કે માર્કેટિંગમાં એવું થઈ શકે છે કે ગ્રાહક પેકેટ ખોલ્યા વિના પ્રોડક્ટનો અનુભવ લઈ શકશે. નિર્માણમાં અન્ડરગ્રાઉન્ડ કન્ટ્રક્શન, પાઈપલાઈન અને કેબલને મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને વિઝ્યુલાઈઝ કરી શકાય છે.

યુવાનોમાં આ ગેમનો જબરો જુવાળ છે. ભલે પછી તેઓ આ ગેમ રમી રહ્યા હોય કે પછી સોશ્યલ મીડિયામાં તેને લગતા ટ્રોલિંગમાં વ્યસ્ત હોય. તેની ખુબી એ છે કે આરોગ્ય માટે તે બહેતર ગેમ છે. કારણ કે ખેલાડીને પોકેમોન પકડવા ચાલવું પડે છે.

તે નેવુંના દાયકાના કિડ્સને જૂની યાદોમાં લઈ જાય છે. અને એશ કેચમ (એંક કેરેક્ટર) હોવાનો અનુભવ આપે છે. અવગુણોના વાત કરીએ તો તે ખતરો બની ગઈ છે. કારણ કે ખેલાડી રસ્તા પર આગળ જોયા વિના ચાલ્યા કરે છે.

ગેમ ખેલાડીઓને તેની આસપાસની સ્થિતિ વિશે ચેતવતી રહે છે. જેને ગંભીરતાથી લેવી જોઈએ. ગેમ લોકપ્રિય છે પણ ખામીઓની અવગણના પણ કરી શકાય એમ નથી. હવે પછી જ્યારે તમને રસ્તામાં કોઈ ખોવાયેલો લાગતો માણસ મળી આવે તો તેની મજાક ન ઉડાવતા... શક્ય છે કે એ પોકેમોનનો કોઈ પહોંચેલો ખેલાડી પણ હોય.

'પોકેમોન ગો' એક અનોખી ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) ગેમ છે. પણ આપણે ગેમની વાતનો ટેકો લઈને તેના શોધક જોન હેન્કેને સલામ કરવી છે. આ ગેમને આખરી સ્વરૂપ મળ્યું તે દરમ્યાન ૧૦ તબક્કામાંથી હેન્કે પસાર થયો જે તમામમાં માનવ જગતને કંઈક ને કંઈક પ્રોડક્ટ મળી.

૧૯૯૬માં હજુ તે વિદ્યાર્થી હતો ત્યારે ''મેરેડિયન ૫૯'' નામની મેસીવલી મલ્ટિપ્લેઅર ઓનલાઈન ગેમ બનાવી. તેણે આ ગેમ '૩ડીઓ' નામની કંપનીને વેચી દીધી.

જોન હેન્કે ૨૦ વર્ષ પહેલા 'પોકેમોન' કાર્ટુન જોતો હતો ત્યારે તેણે તેના પર ગેમ બનાવવાનું સ્વપ્ન સેવેલું. તેને જીપીએસ, ગેમ, બનાવવી હતી તેના લીધે વિશ્વને ગુગલ અર્થ અને ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ અને 'કિ હોલ' ટેકનોલોજી બાય પ્રોડક્ટ તરીકે અનાયસે જ મળી.

જોન કહે છે કે તેના શોધ સંશોધનના પ્રત્યેક લેવલ કે મુકામને આગળ લઈ જવાને તે ગેમ તરીકે જ જોતો હતો અને તો જ આ શક્ય બન્યું.

જોન એ પ્રેરણા આપી જાય છે કે તમારા જીવન અને કિરકિર્દીને આ રીતે રમત સર્જનની જેમ જ જુઓ અને રમો. નવી સિધ્ધી અને તે પછી નવો પડકાર...

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

રમત સવિરત ચાલતી જ રહેવી જોઈએ ''કિપ ધ એન્ડ માઈન્ડ બટ ફોક્સ ટુડે ઓન સિમ્પલી લેવલિંગ અપ''. ગેમની જેમ જીવનના દરેક લેવલે તમારી તાકાત વધારો અને તમારું નસીબ અજમાવો.

''પોકેમોન ગો''ની સફળતા એ માત્ર ગેમની આંકડાકિય કમાણી કે યુઝર્સના ક્રેઝની જ વાત નથી. એક શોધ પછી ભલેને તે એપ ગેમ હોય તે અન્ય કેટલીયે આડ-પ્રોડક્ટ-સેવાને જન્મ આપે છે.

ઉત્ક્રાતિની જેમ આ પ્રક્રિયા જોન જેવા શોધ-સંશોધન તે પોતપોતાના ક્ષેત્રમાં આગળ ધપાવતા જ જાય છે તો જ વિશ્વમાં આપણને આનંદ-પ્રમોદ, સુખાકારી મળતી રહે છે.

''ઈટ ટેક્સ ટવેન્ટી યર્સ ટુ મેક એને ઓવરનાઈડ સક્સેસ.''

ખરી રીતે પ્રકાશ-સમીક્ષાનો આ સબજેક્ટ નથી. છતાં લખવાનું કારણ એ કે જોન હેન્કે પોકેમોન કાર્ટુન જોતા જોતાં આના પર ગેમ બનાવવાનું સ્વપ્ન સેવેલું. એને ૨૦ વર્ષની મહેનત પછી એ સ્વપ્ન પુર્ણ કર્યું. એના પરથી આપણા યુવાનોને પ્રેરણા મળે.

એવી જ રીતે જ્ઞાતિના યુવાનો આગળ વધે એ માટે સ્ટાર્ટ-અપનું બેંગલોરમાં થયેલા આયોજીન માટે આયોજકે બે વર્ષથી સ્વપ્ન સેવેલું. એના માટે અથાક મહેનત કરીને પ્રોગ્રામને સફળ બનાવેલો ભલે એના ફળ હજુ મળ્યા નથી.

ભારતરત્ન અબ્દુલ કલામે મોટા મોટા સપના જોવાનું અને તેને ચરિતાર્થ કરવા મહેનત કરવાની અને કલ્પના કરીને સાકાર કરવાની પ્રેરણા આપી હતી.

આપણા યુવાનો કેમ પાછા પડે છે તેનું સંશોધન કરવું જોઇએ. જુની ઘરેડમાંથી કેમ બહાર આવતા નથી. સ્ટાર્ટ-અપથી કોને ફાયદો થયો વિગેરે આવતા લેખમાં....

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**હેમીના ચંદ્રકાંત મહેશ્વરી**
જખૌ - ડોંબિવલી
T.Y. B.Com
**માં 81.72%**



**પ્રિન્સ વિનીત ધરમશી**
કોઠારા - ડોંબિવલી
B.Com માં **90%**
CGPA - **6.29 / 7.00**



**રોનિત વિજય ધરમશી**
ઘાટકોપર - મોટી ખાવડી
T.Y. BAF (Accounting & Finance) માં **81%**



**ખુશ્બુ પ્રદીપ પટેલ (નાગડા)**
હુબલી - નલિયા
Electrical & Electronics
CGPA માં **8.58%**



**નિતાંશી મિતેશ ધરમશી**
ગાંધીધામ
12th Std. માં **99.76%**
CPT Exam of CA **80.50%**



**અદિતી કિરીટ લોડાયા**
દલતુંગી - ડોંબિવલી
S.S.C. માં **83.60%**



**નિહાર (રૂપા) નંદીશ લોડાયા**
કારંજા - તેરા
S.S.C. માં **89.80%**



**પરીકા (નિતા) નિતીન શાહ**
કુવાપધર - ડોંબિવલી
S.S.C. માં **88.20%**



**મહેક ચંદ્રેશ કરમશી ધુલ્લા**
Passed CA Final 2016
in First attempt **54.5%**



(સુધારીને વાંચવું)
**ચિ. ઈશા રાજુ દંડ ને**
**CBSE - S.S.C. -**
**10 CGPA Grade 93.6% સાથે**
ઉતિર્ણ થવા બદલ હાર્દિક **અભિનંદન.**

**શુભાશિષ**

દાદાણાં : **મધુ પ્રવીણ વીરજી દંડ** (સેવક ભરૂડિયા - મુલુંડ)
માતા-પિતા : **અલ્કા રાજુ દંડ** (સેવક ભરૂડિયા - મુલુંડ)
કાકા-કાકી : **જલ્પા ચેતન દંડ** (સેવક ભરૂડિયા - મુલુંડ)
નાનાણાં : **દિવ્યા વિશનજી નાગડા** (સેવક ભરૂડિયા - ડોંબિવલી)

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

ઈ.સ. ૧૯૨૫માં પ્રસિધ્ધ થયેલ પ્રથમ વસતિ પત્રકની નોંધ મુજબ ડાગા ગોત્રની સંખ્યા ૨૩૭ હતી તેરા ૫, બાંઢીયા ૧, વરાડીયા ૧૧૦, ગોએરસમા ૪૭, લુણી ૨, દલતુંગી ૬૭, ભરૂડીયા ૫, (કુલ ૨૩૭) ગામોમાં હતી. બાંઢીયામાં વરાડીયાના વિધવા સ્ત્રી હતા. દલતુંગી અને ભરૂડિયાના ડાગાની મૂળ નૂખ માલદે છે અને પાછળથી દશા ઓસવાલમાં ભળ્યા છે અને તેમણે ડાગા ઓળખ સ્વાકારી છે. લુણીમાં એક પરિવાર રતનશી નેણસીનો છે જે વરાડિયેથી ગયેલ છે. આમ ડાગાનાં મુખ્ય બે ગામો વરાડિયા અને ગોએરસમા રહે છે. વરાડિયા અને ગોએરસમા ગામના ડાગા પરિવારની લીંક મળતી નથી.

વગડીઆણીના ત્રણ પુત્રો ઉધરીયો, રાણુ અને નોંધણ થયા. આ નોંધણની પાંખડીમાં શેઠ ઘેલા માણેક પ્રખ્યાત પુરુષ થયા. તેમણે અનેક ધાર્મિક અને સામાજિક કાર્યો કર્યા. વરાડીયા જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે નાતમેળો કર્યો, દીક્ષા મહોત્સવો કર્યા. શેત્રુંજયના ડુંગર પર દેરીઓમાં પ્રતિષ્ઠા કરાવી. ઘેલા માણેકનાં ભત્રીજા શેઠ હંસરાજ પરબત માણેકની કંપની એચ.પી. ડાઘા તરીકે ક્લીયરીંગ અને ફોરવર્ડીંગ ક્ષેત્રે આગવું નામ હાંસલ કર્યું. ઘેલા માણેકની પત્નીએ પિતરાઈ ડુંગરસી હેમરાજનાં પુત્ર પદમસીને દત્તક લીધેલ.

અગાઉ ડાગાનો વસવાટ મંજલ રેળડિયામાં હતો તે વહીનોંધ પરથી જાણી શકાય છે. ''સંવત ૧૭૯૪ (ઈ.સ. ૧૭૩૮)વરસે આસો સુદ ૧૪ને સોમે દીકરા પદા વાસે પિતા પત્ત્વોએ સાગવન કીધો. નુખે ડાઘા, દશા, ઓસવાલ.''

ડાગા ગોત્રની પાંખડીઓ :

(૧) તેરા : જીગર, ભરત, કુંવરજી, વેલજી, ગોવધો, મુરાણી, વસાયો, હીરા, કુડધર, ભારમલ, હરધોર, રામદે, પૂંજા, ધનરાજ, ઉધરીયો, વગડીઆણી.

(૨) લુણી : રતનશી, નેણસી, કાયા, ભોજા, રાયસી, દેવન, રાયધણ, પરબત, ખીંસરો, નોંધણ, વગડીઆણી,

(૩) વરાડિયા : જય, હરીશ, ધનજી, પાસવીર, ભાણજી, મેગરાજ, દેવસી, વસાયો, જીવરાજ, જાદવ, કનુ, પરબત, ખીંઅરો, ભારો, નોંધણ, વગડીઆણી.

(૪) વરાડિયા : મનિષ, પ્રતાપ, રામજી, વેલજી, આસારીઓ, દેવસી, વસાયો (આગળ નં. ૩ મુજબ)

(૫) વરાડિયા : પૃથ્વીરાજ, તલકચંદ, ચીમનલાલ, જેઠાભાઈ, આસારીયો, દેવસી..... (આગળ નં. ૩ મુજબ)

(૬) વરાડિયા : અજય, ઠાકરસી, પિંતાબર, લધા, વેલજી, નાગસી, વરસંગ, દેપાર, રાજો, હરપાર, પરબત, ખીઅરો, ભારો, નોંધણ, વગડીઆણી.

(૭) વરાડિયા : સુરેશ, જીવરાજ (બાબુ), ગોવીંદજી, ખીંયસી, કોરસી, સવસી, રૂપસી, ભોજરાજ, દેવન, મેરગ, પરબત, ખીંયરો, ભારો, નોંધણ, વગડીઆણી

(૮) વરાડિયા : નવિન, લખમસી, લાલજી, ભીંયસી, નાગસી, દેવણાંધ, સવસી, રૂપસી, ભોજરાજ... (આગળ નં. ૭ મુજબ)

(૯) વરાડિયા : દર્શક, નિરંજન, પદમસી, નારણજી, પિતાંબર, હેમરાજ, વેલજી, પદમસી, હધો, માંયા, રાયધણ, પરબત, ખીંઅરો, ભારો, નોંધણ, વગડીઆણી.

(૧૦) વરાડિયા : પ્રતિક, રાયચંદ, શામજી, રાયમલ, હીરપાર, દેવા, દેવસી, પરબત, ત્રિકમ કરસન, લાખો, પરબત, ખીંયરો, ભારો, નોંધણ, વગડીઆણી.

(૧૧) વરાડિયા : દિપક, વેલજી, ડોસા, રાઘવ, દેવો, દેવસી, પરબત, ત્રિકમ.... (આગળ નં. ૧૦ મુજબ)

(૧૨) વરાડિયા : હેમંત, ભરત, હંસરાજ, પરબત, માણેક, વીરધોર, મણસી (લધા), પરબત, ત્રિકમ, કરસન, લાખો, પરબત, ખીંયરો, ભારો, નોંધણ, વગડીઆણી


### હાર્દિક અભિનંદન



**ચિ. પ્રીતેશકુમાર જયંતીલાલ ઘરમશી**

ગામ : સેવક ભરૂડીયા - ડોંબિવલી

મો.: 09167433007 / 09699998503

**ચિ. પ્રીતેશ કંપની** તરફથી તા. ૨૦-૬-૨૦૧૬ના દુબઈ (DUBAI) ગયેલ છે. હંમેશા જીવનની દરેક ક્ષેત્રે વધુને વધુ પ્રગતિ હાંસલ કરે એવી અમારી શુભઆશીષ...

માતા -પિતા : **શ્રીમતી ચંદ્રીકા જંયતીલાલ ઘરમશી**

દાદાણાં : **બાંયાબાઈ ખીમજી ઘરમશી**

નાનાણાં : **પુરબાઈ ત્રીકમજી લોડાયા**, દલતુંગી

### દત્તક લીધેલ છે.

**સ્વ. લક્ષ્મીબેન** તથા **સ્વ. ભાવેશભાઈ**ના પુત્ર તથા

**માતુશ્રી કંચનબેન હંસરાજ ખીમજી લોડાયા**

(સુથરી-ડોંબિવલી)ના પૌત્ર

**ચિ. ધૈર્ય** (ઉ.વ. ૭)ને

અમોએ દત્તક લીધેલ છે.

લી. **સૌ. રશ્મી** તથા **વર્ધમાન દિનેશ ધનજી નાગડા**

(નલીયા - વડોદરા)

(૧૩) વરાડિયા : વિનોદ, કુલીનકાંત, પદમસી, ઘેલા, માણેક, વીરધોર, મણસી (લધા).... (આગળ નં. ૧૨ મુજબ)

(૧૪) વરાડિયા : દર્શન, દિપક, ગંગાજર, પુજા, ડોસા, રાઘવ, દેવા, દેવસી... (આગળ નં. ૧૦ મુજબ)

(૧૫) ગોએરસમા : પ્રશાંત, ભરતભાઈ, ટોકરસી, ખીમજી, શીવજી ખીંયરાજ.

(૧૬) ગોએરસમા : પ્રિતેશ, દેવેન્દ્ર, અમરચંદ, હંસરાજ, દેવજી, માણેક.

(૧૭) ગોએરસમા : દર્શન, વિપુલ, ગુલાબ, દેવસી, કચરા, રાયસી, હરસી.

(૧૮) ગોએરસમા : કુંવરજી, પુનસી, લધા, માલસી, મોમાઈયા,

(૧૯) વરાડિયા : નવિન, કાંતિલાલ, લાલજી, રતનશી, મુરજી, પેથડ (માલદે), પુનરાજ, દેરાજ, તેજો, રાયધણ, પરબત, ખીંયરો, ભારો, નોંધણ, વગડીઆણી.

(૨૦) ગોએરસમા : કુણાળ, તિલકચંદ, દેવસી, પાસુ, પદમસી, ગાંગાણી.

દાગા અને માલદે ગોત્ર ભિન્ન છે. વિશા ઓસવાલમાં દાગાનું મૂળ ગોત્ર મારૂ અને માલદે ગોત્ર જુદા જુદા ગોત્ર રહ્યા છે. ભાટોની વહીઓમાં માલદેવ ગોત્રને ચૌરાણ વંશની શાખા દર્શાવિત છે. ચૌહાણના મૂળ પુરુષ ચાહમાન જેની રાજધાની અહિછત્રપુર પાછળથી નામ નાગોર થયું એ નગરમાં હતી. તેનો ઉતરાધીમયી વાસુદેવે સાંભર (શાકંભરી)નું રાજ્ય મેળવ્યું. તેમની કેટલીક પેઢી બાદ વાક્પતિ રાજા થયો તેને સિંહરાજ, લાખણ અને વત્સરાજ પુત્રો હતો. લાખણના વંશમાં કીર્તિપાલ થયો. તેની કેટલીક પેઢીએ સામંતસિંહ થયો તેને કાન્હડદેવ તથા માળદેવ નામના પુત્રો થયા. આ માલદેવના વશંજોનું માળદેવ-માલાણી યા માલણ ગોત્ર થયું માલદેવના બીજા પુત્ર કિર્તીપાલનં કુટુંબ ઓસવાળ જ્ઞાતિમાં દાખલ થયું તેનું ગોત્ર માલદેવ થયું. આમ માલદેવ કે માલદે શાખા થઈ.

પરંતુ શંભુદાન ભટના મતે આ માલદેવ ગોત્ર મારવાડનું છે. કચ્છી ઓસવાલોનું માલદે ગોત્ર પરમાર વંશ સહસ્ત્રગુણા ગાંધી ગોત્રની શાખા છે. એમની નોંધ મુજબ હમીરજી - જેસંગ - માલદે (માલદે શાખા થઈ) - ખેતો - પરમાણંદ - દેપાર - આસો - જેઠી - કરમણ - મેઘો - પોઘો - ભારમલ - પેથરાજ - આસો.

નાની ખાખરથી પેથરાજના પાંચ પુત્રો નરસી, વૃજલાલ, ખેતસી, કરમણ અને આસો જામરાવલ સાથે હાલારમાં સં. ૧૫૯૬ (ઈ.સ. ૧૫૪૦)માં આવ્યા. આસાનો પુત્રે રાફુદળ ગામે વસ્યા. આ વંશાવલી આગળ વધે છે. આસો - કમરશી - હેમો - નથુ - ગોસર - હીરજી - સુરો. આ સુરાના પુત્ર અધોએ વિ.સં. ૧૭૯૭ (ઈ.સ. ૧૭૪૧) પુર્નલગ્ન કરતા, તે દશો થયો અને તેમનો પરિવાર દલતુંગી આવી વસ્યો. અધો-નાથો-આશો તેનો પુત્ર ખેરો (ખેરમણી) થયો. આ ખેરાણી બાપાના વંશજ દલતુંગીનો માલદે પરિવાર છે. તેઓએ ડાગા નુખ અપનાવી છે.

---

**આરોગ્ય પ્રકાશ :** પાન ન. ૧૪ થી ચાલૂ

પાંદડામાં રેખા ઉપરાંત પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, કેલ્શ્યમ, ફોસ્ફરસ લોહ, મેગ્નેશિયમ, પોટેશ્યમ, સેલેનિયમ મળે છે. સેલેનિયમ એન્ટીઓક્સીડંટ છે એ વૃક્ષાવસ્થાને પાછી ઠેલે છે. એમાં ભરપૂર બીટાકેરોટીન, ફોલીક એસીડ અને વિટામીન સી હોય છે મેથીની ભાજી ફાયબર ઉપરાંત વાળ ત્વચા માટે ઉપયોગી છે. લોહીની ઉણપ ઓછી કરે છે, ડીપ્રેશન, વાયુનો પ્રકોપ અને શ્વાસની દુર્ગંધ દૂર કરે છે. મેથીના દાણામાં ઓગળી જાય તેવા ફાયબર સાથે ફોરહાઈડ્રોકસી, ઈન્સોલ્યુલિન, ટ્રાઈગોનેસિન, કેલ્શીયમ અને કુદરતી સ્ટેરોઈડ હોય છે. મેથી ઉપરાંત જેષ્ટીમધ, આદુ, રાજગરો, શિવામ્બુમાં પણ કુદરતી સ્ટેરોઈડ હોય છે જે શરીરના આરોગ્ય માટે પુષ્કળ ફાયદાકારક હોય છે. આ બધી વસ્તુઓ નિયમિત લેવાથી આરોગ્ય સારું જળવાય છે, બિમારીઓ હોય તો તેમાં ફાયદો થાય છે. આદુમાં ફાયબર ઉપરાંત ઘણા ઉપયોગી તત્ત્વ છે જેવાકે પ્રોટીન, સ્ટાર્ચ, એસ્કોરબીક એસિડ, ગ્લુટામીક એસિડ, એમીનો એસિડ, ગ્લુટામીન, રાળ અને કુદરતી સ્ટેરોઈડ હોય છે. નિયમિત ખાવાથી ઘણી બિમારીઓ દૂર થાય છે. વાલ વટાણા, તુવેર, ચણ, ઓટમિલ્સ ફાયબર હોય છે. શિંગદાણામાં પુષ્કળ ફાયબર ઉપરાંત પ્રોટીન, કોલેસ્ટ્રોલ, વિટામિન ઈ હોય છે.

**- (ક્રમશઃ)**

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સ્વાતંત્ર્ય દિનની શુભકામના આપતા જણાવવાનું કે આપણા દેશને ભ્રષ્ટ્રાચાર મુક્ત બનાવી બીજી આઝાદી અપાવવા તન-મન-ધનથી સક્રિય બનીએ તેમજ તેને વિશ્વનો સર્વશ્રેષ્ઠ દેશ બનાવીએ.
- ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી ફાયબર – રેષા

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આપણે જે ખોરાક ખાઈએ છીએ એનાથી ઉર્જા, શક્તિ મળે છે, ખોરાકમાં પ્રોટીન, કાર્બોરેટ પદાર્થ, ચરબી, વિટામિનો, ખનીજો, પાણી અને સાથે ફાયબર પણ હોય છે. ફાયબરને લીધે આપણને પોષણ કે શક્તિ નથી મળતી પણ ફાયબરએ આરોગ્ય માટે બહુજ મહત્વના છે. લગભગ ૫૦ વર્ષ પહેલા આફ્રિકામાં કામ કરતા ડૉ. ડેનીસ બર્કિટે નોંધ્યું કે આફ્રિકાન લોકોના ખોરાકમાં ફાયબરનું પ્રમાણ વધુ હોવાથી તેઓને મોટા આંતરડાનું કેન્સર થતું નથી. હવે ફાયબર હૃદયના રોગો, ડાયબીટીઝ અને ઘણા કેન્સરની સામે રક્ષણ આપનાર મજબૂત બળ તરીકે પ્રસ્થાપિત થયેલ છે. માણસજાતને આ ત્રણ રોગો ઘણા સમયથી ખૂબ નુકશાન કરી રહ્યા છે. તકલીફ આપી રહ્યા છે : ઘાતક પુરવાર થયા છે અને એટલે જ આપણા જીવનમાં પણ ફાયબરનું ખૂબ જ મહત્વ છે.

ફાયબર એટલે કોમ્પ્લેક્ષ કાર્બોહાઈડ્રેટ, જેનું પાચન શરીરમાં થઈ શકતું નથી. ફાયબરમાં કેલેરી બિલ્કુલ નથી એટલે કે ઝીરે-કેલેરી ડાયેટ છે, અને તે લેવાથી શરીરને કોઈપણ પ્રકારનું પોષણ મળતું નથી કારણ કે તેનું પાચન શરીરમાં નથી થતું. ઝીરો કેલેરી ડાયેટ છે એટલે વજન પણ વધતું નથી. પાચન થાય એની કેલેરી ગણાય. ફાયબરથી પોષણ કે શક્તિ નથી મળતાં છતાં તે ખોરાકમાં લેવા ખૂબ જરૂરી છે. ખોરાકમાં રોજ પુરુષોએ ૩૦ થી ૩૫ ગ્રામ જેટલા ફાયબર લેવા જરૂરી છે તેમ સ્ત્રીઓએ ઓછામાં ઓછા ૨૧ ગ્રામ લેવા જરૂરી છે. જેમ જેમ ઉમર વધે તેમ તેય આપણે ખોરાકમાં ફાયબરનું પ્રમાણ વધારે લેવું જોઈએ.

આપણી હોજરી અને આંતરડા સ્નાયુના બનેલા છે. ૪૫-૫૦ વર્ષની ઉંમર સુધી આંતરડા, હોજરીના સ્નાયુ બરાબર કામ કરે, ૫૦ વર્ષ પછી આપણે શ્રમ, કસરત કે ચાલવાનું વધુ ન કરતાં હોઈએ તો આંતરડા હોજરીના સ્નાયુ નબળા પડી જાય, ખોરાકનું પાચન બરાબર ન થાય, ખોરાક આંતરડામાં આગળ ન વધે, મળ પણ શરીરમાં વધારે વખત રોકાય. જેને લીધે ૫૦ વર્ષની ઉંમર પછી વ્યક્તિ મળ બહાર કાઢવા જોર કરે. કબજીયાત થાય, હરસ, મસા, ભગંદર લોહી બગાડ, ગૅસ વગેરે ઘણા રોગો થાય. આયુર્વેદ તો કહે છે કે મોટા ભાગના રોગો પેટથી જ થાય છે, પેટ સાફ ન થાય તો થાય છે. ખોરાકમાં રેષાનું પ્રમાણ બરાબર હોય તો આ તકલીફો ન થાય.

**ફાયબરના ફાયદા :** ફાયબર બે પ્રકારના હોય છે. સોલ્યુબલ ફાયબર – જે હોજરીમાં રહેલ એસીડથી ઓગળી જાય છે અને ચીકણો જેવી જેવો પદાર્થ બને છે જે ખોરાકમાંના ચરબી, સાકરને વીંટળાઈ તેનું શરીરમાં શોષણ થતું ધીમું પાડે છે. બીજો પ્રકાર ઈનસોલ્યુબલ ફાયબર – જેના પર એસીડની અસર નથી થતી. આ રેષા પાણી ચૂસી કદમાં વધે, ગોળો બને જે સુંવાળો હોય એટલે આંતરડામાં ઝડપથી આગળ વધે. બીજા ખોરાક જેમાંથી જરૂરી તત્ત્વો શોષાઈ ગયા હોય એની સાથે મોટા આંતડમાં થઈ મળાશયમાં જાય છે. હાજત વખતે બિલ્કુલ જોર કર્યા વગર મળ ઈનસોલ્યુબફ ફાયબર સાથે સહેલાઈથી નીકળી જાય છે આમ પેટનો કચરો, ગેસ, ઝેર (ટોકસીન્સ) બધું નીકળી જાય છે. આમ કબજીયાત ન થવાથી, જોર ન કરવાથી બીજા ઘણા ફાયદા થાય છે.

આપણે ખોરાકમાં ફાયબર પૂરતા પ્રમાણમાં લઈએ તો ફાયબરને લીધે પેટ ભરેલું લાગે છે અને વારંવાર ખાવાની ઈચ્છા થતી નથી, અને આમ વજન વધતું નથી અને વધારે વજન ને લીધે થતી તકલીફો – બીમારીઓથી બચી શકાય છે. ખોરાકમાં લીધેલ સાકરનું નાના આંતડામાં રેષાને લીધે જલ્દી શોષણ થતું નથી એટલે સાકરનું પ્રમાણ લોહીમાં વધતું નથી. વધતે ફાયબરયુક્ત ખોરાકને લીધે શરીરમાં કોલેસ્ટ્રોલ, કાર્બેડાઈડ્રેટ અને ગ્લુકોઝનું શોષણ ધીમુ થાય છે. આપણે ખોરાક ૩૫ થી ૪૦ ગ્રામ જેટલો ફાયબર લઈએ તો ટાઈપ-૨ ડાયાબીટીઝ (મોટી ઉમરે થતો ડાયાબીટીઝ) થતા અટકે છે કે વધતો નથી. લીવરે ઉત્પન્ન કરેલું પિત ફાયબર સાથે મળી, કોલેસ્ટ્રોલ ઓછુ કરે છે. વૈજ્ઞાનીકોએ એ પણ શોધ્યું છે કે નિયમિત પુરતા ફાયબર લેવાથી સીસ્ટીલીક (ઉપરનું) અને ડાયાસ્ટોલિક (નીચેનું) બ્લડ પ્રેશર વધેલું હોય તો ઓછું થાય છે. મોટા આંતડામાં નકામા ટોકસીન પદાર્થ ફાયબરને કારણે વધારે વખત રહેતા નથી, એટલે માટે આંતરડાનું કેન્સર થતું અટકે છે.

**ફાયબર શેમાંથી મળે :** ચાળ્યા વગરના લોટમાંથી ફાયબર મળે (કોઈપણ લોટને ચારણીથી ચાળીએ ત્યારે એમાં રહેલ છેડા (ફાયબર) નીકળી જાય) બધાજ શાકભાજીમાં રેષા હોય છે. ફણસીમાં ૧.૮%(રેષા) ફાયબર ઉપરાંત વિટામિન્સ અને લોહતત્ત્વ હોય છે. ૧ કપ બાફેલી ફૂલાવરમાં પાચનતંત્રને સાફ કરે એટલી માત્રામાં ડાયેટરી ફાયબર હોય છે. કોબીમાં ફાયબર સાથે પુષ્કળ માત્રમાં વિટામિન સી હોવાથી તે ફ્રી રેડકલ્સને શરીરમાં ઘટાડે છે. એમાં આયોડીન પુષ્કળ છે. જે મગજની ક્રિયાઓ નરવસ સિસ્ટમ બરાબર કાર્યરત રહે છે અને શરીરની હોરમોનલ ગ્રંથિયો નોરમલ રાખે છે. દૂધી કારેલા પરવળ, ગીલકા, કાકડી, મૂળા વગેરેમાં ફાયબર ઉપરાંત વિટામિન્સ અને બીજા શક્તિશાળી એન્ટીઓફિસડન્ટ રહેલા છે. મેથીના

અનુસંધાન ૧૩મા પાને

॥ શ્રી સુમતિનાથાયનમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે. વિરચંદ નરસી, પો. બૉ. નં. ૧૧, મલકાપૂર-443101 (જી.બુલઢાણા)

☎: (07267) 222032, 222232, Gram : KUMAR

1) **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ ના ક્ષેત્ર માં વર્ષ 2016 મા. શિક્ષણના ક્ષેત્રે ધોરણ 12 માં ટકાવરી પ્રમાણે પ્રથમ,દ્વિતીય, અને તૃતીય ક્રમાંકે આર્ટસ, સાયન્સ અને કૉમર્સ દરેક વિભાગમાં ઉત્તીર્ણ થયેલ અને ગ્રૅજ્યુએટ્સ વિધાર્થી/વિધાર્થીની ઓને**

2) દરેક ઉત્તીર્ણ થયેલા વિધાર્થી /વિધાર્થીની ઓને પોતાના માર્કશિટની સર્ટીફાઈડ ઝેરૉક્સ નકલ અરજી સાથે (વિગતવાર સરનામા સહિત) શ્રી પ્રવિણકુમાર નરશીભાઈ દંડ, મે. વિરચંદ નરસી, પો. બૉ. નં.: 11 મલકાપૂર આ સરનામે તા. 05-9-16 સુધી ટપાલમાં અગર આંગડીયામાં સમયસર મળી જાય તે રીતે મોકલવા ભલામણ છે.

3) ધાર્મિક શિક્ષણમાં પ્રતિક્રમણ વિધી તથા તેનાથી આગળ ધાર્મિક અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઇનામ આપવાંમા આવશે. ધાર્મિક અભ્યાસની વિગત સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીની નોંદ સાથે તા. 05-9-16 સુધી મોકલવી.

4) રમતગમત નાં ક્ષેત્રે રાજ્ય સ્તરની સ્પર્ધાઓમા ભાગ લેનાર યુવક/યુવતીઓને પ્રોત્સાહન ઈનામ આપવાંમા આવશે સંપુર્ણ માહિતી તા. 05-9-16 સુધીમાં સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીને નોંદ સાથે મોકલવી

5) જ્ઞાતિના મુખ પત્ર પ્રકાશ - સમીક્ષાં મા જાહેરાત રૂપે છપાવેલ છે માટે સમયસર મોકલી આપવા વિનંતી છે.

6) ઉપરોક્ત ઉત્તીર્ણ થનાર વિધાર્થી /વિધાર્થીની ઓએ પોતાના માર્કશીટ ની સર્ટીફાઈડ ઝેરોકેસ નકલ ગામના મહાજનશ્રી અગર કાર્યકર્તા માર્ઈત અગર સીધુ ટપાલમાં મોકલવા ભલામણ છે.

7) ઇનામોનું વિતરણ મહારાષ્ટ્ર એકમ ની જનરલ સભામાં પારોલા મુકામે તા ૨૫/૯/૧૬ રવિવારે કરવામાં આવશે તે વખત ફકત હાજર રહેલા વિધાર્થી/વિધાર્થીનીઓનેજ ઈનામ આપવાંમા આવશે જેની નોંદ લેવા વિનંતી.

**કાર્યક્રમ સ્થળ-**
**કચ્છરત્ન શ્રી નરસી જેઠાભાઈ દંડ**
**નુતન શાંતી ભવન, લવણ ગલ્લી**
**પારોલા-425111**

ઈનામ વિતરણ સમિતી પ્રમુખ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
**પ્રવિણકુમાર નરશીભાઈ દંડ**
(મલકાપૂર)

## જનરલ સભાનું એજન્ડા

**મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર ૨૫ આકટૅમ્બર ૧૬ પારોલા મુકામે બપોરના ૧.૩૦ કલાકે**
**પ્રમુખ શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડ ના અધ્યક્ષતાંમા**
નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવાંમા આવેલ છે.
સર્વેને સમયપર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

1) શ્રધ્દાંજલી
2) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી.
3) અહવાલ વાચન
4) ઑડીટ થયેલ તારીખ 31-3-16 સુધીના રીપોર્ટને મંજુરી.
5) 2016-2017 ના અંદાજ- પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમા લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી.
6) 2016-2017 નાં વર્ષ માટે ઓડીટરની નેમણુક કરવી
7) વ્યકતી વિશેષોનુ સન્માન.
8) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થીત સભ્યોનું માર્ગદર્શનપર વકતવ્ય
9) શૈક્ષણિક, ધાર્મિક તેમજ રમતગમત ક્ષેત્રે સફળ થયેલા વિધાર્થી/વિધાર્થીનીઓને ઇનામ વિતરણ
10) પ્રમુખ સાહેબની મંજુરીથી જૈન સમયપર આવેલ વિષયોપર ચર્ચા વિચારણા તેમજ મંજુરી
11) કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

ટીપઃ- ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામા આવેલ છે.
નોંદઃ- વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા પારોલાના સરનામે જણાવશોજી.

**યુવાનોને ખાસ આવહાન- વધુ થી વધુ સંખ્યામા હાજર રહે.**

**કાર્યક્રમ સ્થળ-**
**કચ્છરત્ન શ્રી નરસી જેઠાભાઈ દંડ**
**નુતન શાંતી ભવન, લવણ ગલ્લી**
**પારોલા-425111**

લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
માનદ મંત્રી
**દિપક દામજી પોલડીયા (ફૈજપૂર)**

ટીપઃ ૧) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મંત્રીશ્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ આગાઉ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી
**૨) કારોબારી સમિતીની મિટીંગ ૨૪/૦૯/ના રાતના૮.૦૦ કલાકે રાખવા માં આવેલ છે.**

# યુવા તથા મહિલા મંચના કાર્યક્રમની રૂપરેખા

24-09-2016 થી 25-9-2016

**તા. 24-09-16 વાર શનિવાર**

| | |
|---|---|
| સવારના 9.00 થી 9-20 | - મહિલા તથા યુવા મંચના સત્રનુ ઉદ્‌ઘાટન |
| સવારના 9.20 થી 10.55 | - **Empowerment " Self -trust is the first secret of success "** **by - Mrs. Tina Dhammey (Leading Art Director of Bollwood industry)** |
| સવારના 11.00 થી 12-30 | - **મ. સા. ને ગોચરી વોહરાવવા બાબત વિવેચન- સૌ. કાશ્મીરા વિનોદ લોડાયા ઔરંગાબાદ દ્વારા** |
| બપોર ૨.૦૦ થી ૪.૩૦ | - વર્કશૉપ- સુઝ, બુઝ, મમ્મી, પપ્પા અને હુ |
| બપોર ૪.૩૦ થી ૫.૩૦ | - રમત ગમત |
| રાત્રે ૭-૦૦ થી ૮ | - પ્રભુ ભક્તી |
| રાત્રે ૮-૩૦ થી ૧૧.૩૦ | - સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. 25-09-16 વાર રવિવાર**

| | |
|---|---|
| સવારના 9.00 થી 12.00 | - બિજનેસની નવી રૂપ રેખા- શ્રી નયન મેઘજી ભેદા, મુંબઈ દ્વારા |
| સવારના 12.00 થી 12.30 | - મહિલા મંચના અને યુવામંચના સત્રનુ સમાપન |
| બપોર 1.30 થી 4.30 | - **મહારાષ્ટ્ર એકમ ની જનરલ મિટીંગ તથા ઈનામ વિતરણ.** |
| વિશેષ સ્પર્ધા- | - **પાણી બચાવ, હરીત ક્રાંતી તથા સ્વછ ભારત આ વિષયો ઉપર** - **સુંદર ડ્રાઈંગ બનાવિને લાવવી છે. જેની પ્રદર્શની રાખવામા આવશે** |

ટિપ: ૧) કાર્યક્રમમા ફેરફાર કરવાનો અધિકાર સમિતીને રહેશે.
૨) કાર્યક્રમ આપવુ હોય તો તા. ૦૫-૯-૧૬ સુધી સુચના મલકાપૂર પ્રાપ્ત થાય એમ મોકલવા વિનંતી
૩) પારોલા આગમન ની સુચના પહેલા મોકલવા વિનંતી.
૪) ભોજનની વ્યવસ્થા કાર્યક્રમ સ્થળે રાખવામા આવેલ છે.

મહિલા મંચ માનદ મંત્રી
**પ્રતિભા ભરતકુમાર દંડ** (મલકાપૂર)

મહિલા મંચ અધ્યક્ષ
**હીરાબાઈ ગોવિંદજી લોડાયા**(ખામગાંવ)

સંપર્ક

| દિપકભાઈ પોલડીયા | ગોવિંદજીભાઈ સોની | દિલીપભાઈ પોલડીયા |
|---|---|---|
| **9822060335** | **9923467640** | **02597-292449** |

॥ શ્રી સુમતિનાથાયનમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

## તા. 31-3-2016 ના દિવસે સમાપ્ત થયેલ વર્ષનો આવક જાવકનો હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| બેંક કમિશન | 143.00 | ફિક્સ ડીપૉઝીટ વ્યાજ | 205980.00 |
| સ્ટેશનરી પ્રિંટીંગ | 9520.00 | તથા બેંક વ્યાજ ના | |
| ટ્રસ્ટના ઉદેશો અંગે ખર્ચ | | ડિવિડંડ | 95.00 |
| માનવ ઉત્કર્ષ | 126000.00 | સાધર્મિક સહાયતા | 130477.00 |
| શૈક્ષણિક સહાયતા | 160000.00 | મહિલા મંચ | 9631.00 |
| જાવક કરતા આવક વધારે | 102496.00 | શૈક્ષણિક ફંડ | 51976.00 |
| | 398159.00 | | 398159.00 |

## સરવૈયુ તા. 31-3-2016

| ફંડ અને જવાબદારીયો | | મીલક્ત | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | 165741.00 | રોકડા | 304.36 |
| માનવ ઉત્કર્ષ ફંડ | 150784.00 | ફિક્સ ડિપોઝીટ | 2159556.00 |
| મહિલા મંચ | 78584.00 | આયડીબીઆય સેવ્હીંગ ખાતે | 252016.61 |
| શૈક્ષણિક સહાયતા ફંડ | 1771939.14 | જનતા કમ.બેંક સેવ્હીંગ ખાતે | 45540.17 |
| યુવા પ્રેરણા ફંડ | 15745.00 | મલકાપૂર અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 171835.00 |
| **Corpus Fund** | 438069.00 | મહેશ અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 2010.00 |
| સાધર્મિક વૈધકિય સહાયતા | 11400.00 | શેઅર્સ જનતા કમર્શિયલ | 1000.00 |
| | 2632262.14 | | 2632262.14 |

તા. 31-3-2016

લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
ખજાનચી
**ઉત્તમચંદ દેવશીભાઈ દંડ (મલકાપૂર)**

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ કારોબારી ચુંટણી ૨૦૧૬-૨૦૨૦

### - અવિરોધ ચુંટાએલા સભાસદ -

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ | મલકાપુર | ૧૪) | શ્રી અશ્વિન કેશવજી ધરમશી | યવતમાળ |
| ૨) | શ્રી પ્રવિણકુમાર નરસીભાઈ દંડ | મલકાપુર | ૧૫) | શ્રી મનિષ ભવાનજી લોડાયા | ચાલીસગામ |
| ૩) | શ્રી ધનપતિ કુંવરજી મોમાયા | જલગામ | ૧૬) | શ્રી સતેંદ્ર મુલજી લોડાયા | નાગપુર |
| ૪) | શ્રી વિનોદ ખિમજી લોડાયા | ઔરંગાબાદ | ૧૭) | શ્રી ચંદ્રકાંત મેઘજી લોડાયા | પાચોરા |
| ૫) | શ્રી પ્રવિણ લક્ષ્મીચંદ લોડાયા | જલગામ | ૧૮) | શ્રી કિરીટ ભવાનજી લોડાયા | પાચોરા |
| ૬) | શ્રી જયંતિલાલ ગોવિંદજી નાગડા | નાંદેડ | ૧૯) | શ્રી રાજેશ દામજી પોલડીયા | નાશીક |
| ૭) | શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના | સાંગલી | ૨૦) | શ્રી ઝવેરચંદ જીવરાજ લાલકા | નાશીક |
| ૮) | શ્રી દિનેશ પદમશી મોમાયા | પુના | ૨૧) | શ્રી કૈલાશ ભવાનજી મોતા | મુર્તિજાપુર |
| ૯) | શ્રી અનિલ દામજી વિકમશી | ખામગામ | ૨૨) | શ્રી લલીત વર્ધમાન લોડાયા | જલગામ |
| ૧૦) | શ્રીમતી હિરાબેન ગોવિંદજી લોડાયા | ખામગામ | ૨૩) | શ્રી દિનેશ જવેરચંદ મોમાયા | જલગામ |
| ૧૧) | શ્રીમતી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ મૈશેરી | શેગાવ | ૨૪) | શ્રી સુધીર ચિમનલાલ મોતા | અહમદનગર |
| ૧૨) | શ્રીમતી મંજુલાબેન મુકેશ લોડાયા | જલગામ | ૨૫) | શ્રી મણિકાંત માણેકજી દંડ | અમરાવતી |
| ૧૩) | શ્રી યુવરાજ ગિરિશ નાગડા | શિરપુર | ૨૬) | શ્રી બિપીન રતિલાલ પોલડીયા | જાલના |

### - દરેક વિભાગમાંથી ૫ કો-ઑપ નિયુક્ત સભાસદ -

| - ખાંદેશ વિભાગ - | | | - મરાઠવાડા વિભાગ - | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રીમતી કાંતાબાઈ ચંદ્રકાંત લોડાયા | ધુલીયા | ૧) | શ્રી હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા | નાંદેડ |
| ૨) | શ્રી કેતન ઠાકરસી ગોસર | ધુલીયા | ૨) | શ્રી સુભાષ લિલાધર લાપસીયા | નાંદેડ |
| ૩) | શ્રી અશોક લાલજી પોલડીયા | જલગામ | ૩) | શ્રી દિપક જેઠાલાલ મોમાયા | ઔરંગાબાદ |
| ૪) | શ્રી પંકજ ડુંગરશી સોની | જલગામ | ૪) | શ્રી સેજેશ શાંતીલાલ લોડાયા | ઔરંગાબાદ |
| ૫) | શ્રી સુરેંદ્ર લક્ષ્મીચંદ લોડાયા | ચાલીસગામ | ૫) | શ્રી રાજેશ લક્ષ્મીચંદ મોમાયા | ઔરંગાબાદ |

| - વિદર્ભ વિભાગ - | | | - પશ્ચિમ મહારાષ્ટ્ર વિભાગ - | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી વિજય વાલજી લોડાયા | મલકાપુર | ૧) | શ્રી કેશવજી વિરચંદ નાગડા | પુના |
| ૨) | શ્રી વિનય લક્ષ્મીચંદ મૈશેરી | શેગાવ | ૨) | શ્રી મણિકાંત લક્ષ્મીચંદ લોડાયા | અહમદનગર |
| ૩) | શ્રી મહેંદ્ર લક્ષ્મીચંદ લોડાયા | કારંજા | ૩) | શ્રી પ્રવિણ રામજી લોડાયા | સાંગલી |
| ૪) | શ્રી હિરેન પ્રતાપ લોડાયા | ખામગામ | ૪) | શ્રી દિલીપ ધનજી નાગડા | કરાડ |
| ૫) | શ્રીમતી ધનલક્ષ્મી નવીન નાગડા | અમરાવતી | ૫) | શ્રી પ્રશાંત પદમશી લાલકા | પુના |

### - પ્રમુખશ્રીના અધિકારથી સ્વિકૃત કરેલ ૫ સભાસદ -

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી હરિશ જવેરચંદ મૈશેરી | મલકાપુર | ૨) | શ્રી ભરતકુમાર નરશીભાઈ દંડ | મલકાપુર |
| ૩) | શ્રી દિપક દામજી પોલડીયા | ભુસાવલ | ૪) | શ્રી ગોવિંદજી નેણશી સોની | ધુલિયા |
| ૫) | શ્રી ઉત્તમચંદ દેવશીભાઈ દંડ | મલકાપુર | | | |

### - ૨૦૧૬-૨૦૨૦ એકમનાં પદાધિકારીઓ નિચે મુજબ -

| | | |
|---|---|---|
| પ્રમુખ | શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ | મલકાપુર |
| ઉપપ્રમુખ | શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના | સાંગલી |
| ઉપપ્રમુખ | શ્રી બિપીન રતિલાલ પોલડીયા | જાલના |
| ઉપપ્રમુખ | શ્રી મનિષ ભવાનજી લોડાયા | ચાલીસગામ |
| માનદમંત્રી | શ્રી દિપક દામજી પોલડીયા | ભુસાવલ |
| સહમાનદમંત્રી | શ્રી ગોવિંદજી નેણશી સોની | ધુલિયા |
| ખજાનચી | શ્રી ઉત્તમચંદ દેવશીભાઈ દંડ | મલકાપુર |

## પરફેક્શનનું દુઃખ અને અપૂર્ણતાનું સૌંદર્ય

નવીનક્કોર કાર તમારા ઘરે શોરૂમમાંથી જે દિવસે આવે એ જ દિવસે એના પર નાનો સરખો ગોબો પડી જાય. તો તમે શું કરો ? લૉન્ડ્રીમાંથી તાજા જ ડ્રાય ક્લીન થઈને આવેલાં કપડાંના પૅકેટ પર કોઈ ભૂલથી બેસી જાય અને કપડાં ચોળાઈ જાય તો તમે શું કરો ? ખૂબ કાળજીથી સુંદર અક્ષરે સારા કાગળ પર મોંઘી ઈન્કવાળી ફાઉન્ટન પેનથી કાળજીપૂર્વક કોઈને પત્ર લખ્યો હોય અને છેક છેલ્લા વાક્યે અજાણતાં ધક્કો વાગતાં છેકછાક થઈ જાય તો તમે શું કરો ?

સ્ક્રીન પર, સ્ટેજ પર કે નવલકથાનાં પાનાંમાં દેખાતી હીરોઈનો સર્વગુણ સંપન્ન હોય છે. લગ્નસંબંધી જાહેરખબરો વાંચશો તો ખબર પડશે કે ગુજરાતી યુવાનો આવી જ કન્યાની તલાશમાં હોય છે. ગોરી, ઊંચી, દેખાવડી, નમણી, હસમુખી, સંસ્કારી, ભણેલી, ગૃહકાર્યમાં કુશળ. માય ગૉડ. આવી સ્ત્રી લાવવી ક્યાંથી ? છતાં સૌ કોઈ આશા બાંધીને બેઠા છે. એમણે ખૂબસૂરત મૉડેલ ગર્લના ફોટા આશા બાંધીને બેઠા છે. એમણે ખૂબસૂરત મૉડેલ ગર્લના ફોટા જાહેરખબરોમાં જોયા છે. કૉલજમાં અવ્વલ નંબરે આવતી ફિલ્મની હીરોઈનને ડાન્સ કરતાં પણ એટલી જ સારી રીતે આવડે છે તે જોયું છે. જિંદગીમાં પણ એ જ જોઈએ છે. ગોબા વગરની નવીનકોર ગાડી સૌ કોઈનો આદર્શ છે.

મેકઅપ મૅનને પૂછો. હીરોઈનના ચહેરાના માઈનસ પોઈન્ટ્સને એ કેવી ખૂબીથી છુપાવે છે. ડ્રેસ ડિઝાઈનર કહેશે કે પરફેક્ટ આંકડા ધરાવતું ફિગર કુદરતની નહીં પણ માસ્ટર કટરની સરજત છે. કૅમેરામેનને પૂછજો, ખબર પડશે કે લાઈટિંગની કરામતથી ભલભલી સાદા દેખાવની નારીઓને તેઓ અપ્સરા બનાવી શકે છે.

આપણે સ્વીકારી શકતા નથી કે ઘડી–બેઘડી આ બધો અસબાબ ઠીક છે, ચોવીસે કલાક જ્યારે વાસ્તવિકતા સામે ઝીંક લેવાની હોય ત્યારે આ બધું ખરી પડતું હોય છે. પરફેક્શન કે સંપૂર્ણતાનો આગ્રહ માણસને અવાસ્તવિક બનાવી દે છે. સંપૂર્ણતાના વળગણથી માણસ પોતાની પાસેથી તેમ જ આસપાસના સૌ કોઈની પાસેથી વધુ પડતી અપેક્ષાઓ રાખતો થઈ જાય છે.

તો આનો અર્થ શું એવો કાઢવો કે આપણે જિંદગીમાં ધકેલ પંચા દોઢસોની નીતિ અપનાવી લેવી ? સો ટકા પરફેક્શન શક્ય નથી એવું સ્વીકારી લીધા પછી કોઈપણ કામમાં કે કોઈપણ વ્યક્તિમાં કોઈ ધોરણનો આગ્રહ ન રાખવો ?

ના. એવું નથી. પરફેક્શન માટે પ્રયત્નો કરવા. પણ એ પ્રયત્નો વળગણમાં પલટાઈ જતા હોય એવું લાગે ત્યારે સાવધ થઈ જવું. સમયની બાબતમાં નિયમિતતા રાખતા આગ્રહીઓને તમે જોયા હશે. ઘણું માન છે એવા લોકો માટે. પણ કોઈ એમને ચાર વાગ્યે મળવાનું કહીને સવા ચારે આવે તો તેઓ આખી દુનિયા ઊંધીચતી થઈ ગઈ હોય એટલા વ્યાકુળ થઈ જતા હોય છે. પંદર મિનિટ મોડું કરવા બદલ તેઓ વીસ મિનિટ સુધી નિયમિતતાની આવશ્યકતા પર લેક્ચર આપી દેતા હોય છે. રસોઈમાં મીઠું સહેજ વત્તુંઓછું પડી જાય કે પાપડ જરા કાચોપાકો રહી જાય ત્યારે આખું ઘર માથે લેતા પતિદેવો તમે જોયા હશે. કદાચ, તમારા પોતાના ઘરમાં જ હશે. બાળકના હોમવર્કમાં એકાદ દાખલો ખોટો પડે કે પાટલૂનને મૅચિંગ મોજાં વૉર્ડરોબમાંથી ન મળે તે દિવસે આખો જન્મારો એળે ગયો હોય એવી લાગણી વ્યક્ત કરતા લોકોની આપણી આસપાસ ખોટ નથી.

પરફેક્ટ કોઈ જ નથી અને પરફેક્ટ કશું જ નથી. અપૂર્ણતાનું સૌંદર્ય સ્વાકારી લેવાથી જે સંતોષ મળે છે તેનું મૂલ્ય નાનુંસૂનું નથી. સંબંધો, સગવડો, વ્યક્તિઓ કે વસ્તુઓમાં અપૂર્ણતા હોઈ શકે છે એ સ્વીકારી લીધા પછી જિંદગી ઘણી આસાન બની જાય છે. કલ્પનાની દુનિયા અને વાસ્તવિકતાની દુનિયા વચ્ચેનો તફાવત સમજી લીધા પછી જ પરફેક્શનનો આગ્રહ ઓગળી શકે છે.

અલબત્ત, પ્લેન બનાવવામાં પરફેક્શન ન હોય અને એક કાણું રહી જાય તો ડિઝેસ્ટર થાય ને રૉકેટ ઉડાડવામાં સેકન્ડના સોમા ભાગનું પ્રીસિસન પણ જો ન જળવાય તો.... અને સોનું કે હીરો જોખવામાં એક ગ્રામના દસમા, સોમા કે હજારમાં ભાગનું ધ્યાન રાખવામાં ન આવે તો..

અલબત્ત આ પ્રકારની બાબતો રોજિંદા જીવન વ્યવહારની વાતોને લાગુ પાડી ન શકાય, તેમાં તો વ્યક્તિ, સંજોગો અને સંદર્ભ અનુસાર નાની–મોટી અપૂર્ણતાને સ્વીકારી લેતાં આવડી જાય તો બસ.

– **સૌરભ શાહ**, મુંબઈ સમાચારમાંથી સાભાર

**સ્મૃતિઓમાં સ્તરને ફંફોસ્યા કરું છું શ્વાસમાં**
**મારી અશ્મિઓને જોવા ઊતરું છું શ્વાસમાં**

## પિંજરે કે પંછી રે, તેરા દર્દ ન જાને કોઈ...

ફૂલો અને ટહુકાઓનો વેપાર કરનાર યુગમાં આપણે જીવીએ છીએ, એટલે જ કવિતા હૃદયની અને જિંદગીની સૌથી નિકટ હોઈ શકે તેવી ઘટનાનું નામ છે, પણ આપણને ગોસીપમાં મજા આવે છે અને કવિતામાં કંટાળો આવે છે. કવિતાથી ત્રાસનારા આ લેખ ન વાંચે તો ચાલે.

મુંબઈની ક્રાફર્ડ માર્કેટમાં પ્રાણીઓ પક્ષીઓનું બજાર છે. હવે પરાંઓની પૅટ શોપ્સમાં પણ પક્ષીઓ મળતાં થયાં છે. સુંદર દુર્લભ પક્ષીઓ ઉપરાંત ચકલી-કબૂતર અને કાળા જાદુ માટે ઘુવડ અને કાગડા જેવા પક્ષીઓ પણ ખૂબ વેચાય છે. આ આખો વેપાર ગેરકાયદેસર છે, પ્રાણીપક્ષીના રક્ષણ માટે આપણે ત્યાં અને કાયદા છે, ૧ લાખ રૂપિયા સુધીના દંડ અને સાત વર્ષની કેદની સજાની જોગવાઈ પણ છે, છતાં ખુલ્લેઆમ અને બંધબારણે મોટી સંખ્યામાં પક્ષીઓ વેચાતાં રહે છે. કુદરતની આ સુંદર નાનકડી રચના પર અત્યાચાર કરવા સાથે પર્યાવરણનું સંતુલન પણ જોખમમાં મુકાઈ રહ્યું છે. પીપલ ફૉર એથિકલ ટ્રિટમૅન્ટ ઑફ ઍનિમલ્સ (પીટા)નાં ભુવનેશ્વરી ગુપ્તા કહે છે, 'પંખીને તેના સાથીઓ અને વાતાવરણથી, ખુલ્લા આકાશ અને સૂર્યપ્રકાશથી વિખૂટું પાડીને પાંજરામાં પૂરી દેવું તે ક્રુરતાની અવધિ છે. પક્ષીઓનાં પાંજરા ઘરમાં લટકાવતા લોકોમાં કઈ જાતનો પ્રકૃતિપ્રેમ કે સૌંદર્યદષ્ટિ છે તે મને કદી નથી સમજાયું.'

પાંજરે પુરાયેલું પંખી સર્જકોની સંવેદનાને હચમચાવી મૂકે તેવું દશ્ય હોય છે. જે જીવ ઊડવા માટે જન્મ્યો છે, આકાશ જેનો અધિકાર છે તેને પકડીને પાંજરામાં પૂરી દેવો તે પાપ નથી? પાંજરાના સળિયામાંથી આકાશ તરફ મંડાતી એની મીટમાં જે અકલ્પ્ય તરફડાટ હોય છે, તે કદી જોયો હોય તો સમજાય કે તે ગાતું નથી હોતું, તે રડતું હોય છે. મુક્ત દેખાતા માનવીની ચેતનાને પણ અનેક જાતના બંધનોમાં બંધાયેલી હોય છે. પંખીના દર્દમાં તેને પોતાની પીડા દેખાય છે. કવિ પ્રદીપનું જાણીતું ગીત છે.

પિંજરે કે પંછી રે, તેરા દર્દ ન જાને કોય
બાહર સે તો ખામોશ રે હૈ તૂ,
ભીતર ભીતર રોયે
કહ ન સકે તૂ અપની કહાની,
તેરી ભી પંછી ક્યા જિન્દગાની રે,
વિધિને તેરી કથા લિખી આંસુ મેં કલમ ડૂબોય
ચૂપકે ચૂપકે રોને વાલે,
રખના છૂપા કર દિલ કે છાલે રે
યે પતઝડ કા દેસ હૈ પ્યારે, કોઈ ન તેરા હોય

'નાગમણી' ફિલ્મના આ ગીતના સંગીતકાર હતા અવિનાશ વ્યાસ.

આફ્રિકન-અમેરિકન સર્જક માયા એન્જેલુની આત્મકથાનું શીર્ષક છે 'આઈ ના વ્હાય ઘ કેજૂડ બર્ડ સિંગ્ઝ' આ શબ્દો મૂળ તો લૉરેન્સ ડનબરના એક કાવ્યનાં છે : 'આઈ નો વ્હાય ઘ કેજૂડ બર્ડ સિંગ્ઝ- / હું જાણું છું, પિંજરનું પંખી કેમ ગાય છે / સળિયા સાથે પછડાઈને પાંખો ઘવાઈ છે, કાળજાની આગમાંથી ઊઠેલી ચીસ છે / આનંદનો ટહુકાર નથી, આ તો ક્રંદન છે / હૃદયની ગહનતાથી પોકાર એ કરુણ, / આકાશને આંબવાને જાય છે / - હું જાણું છું, પિંજરનું પંખી કેમ ગાય છે' / પૉલ લૉરેન્સ ડનબર વીસમી સદીના પ્રમુખ આફ્રિકન-અમેરિકન સર્જકોમાંના એક, માત્ર ૩૩ વર્ષની ઉંમરે ટીબીથી મૃત્યુ પામ્યા હતા. માયા એન્જેલુ અને તેમની આખી પેઢી માટે ડનબર અખૂટ પ્રેરણાસ્રોત સમા હતા.

માયા એન્જેલુએ પણ એક કાવ્ય લખેલું 'કેજૂડ બર્ડ'. આ કાવ્ય અનેક રીતે પ્રતીકાત્મક છે. માયા એન્જેલુના સમયમાં શ્વેતોનો પ્રભાવ ચરમ સીમા પર હતો. શ્યામવર્ણ પ્રજા પોતાના પર થોપાયેલા ભેદભાવ, લઘુતા અને આક્રોશના પિંજરમાં કેદ હતી. તેમાં બે પંખીની વાત છે : એક છે મુક્ત પંખી. આખું આકાશ પાંખો પર ઝીલતું તે પવનની લહેરો પર સવાર થઈને સૂર્યપ્રકાશ નહાય છે. તે શ્વેતવર્ણ પ્રજાનું પ્રતીક છે. પાંજરાનું પંખી શ્યામવર્ણ પ્રજાની રૂંધાયેલી ચેતનાનું પ્રતીક છે. માયા લખે છે,

પિંજરમાં પંખી ગાય છે / કંઠમાં થરથરે છે ભય અને વેદના / પાંખો જકડાયેલી છે, ને પગ બંધાયેલા / તેથી તેણે પોતાનું ગળુ ખુલ્લું મૂકેલું છે / સળિયા વીંધીને / દૂરના પહાડ પર પહોંચે છે તેનો સ્વર / કેમ કે તે જે ગીત ગાય છે તે સ્વતંત્રતાનું છે...'

**એક ચહેરો છે હું જેને ઓળખી શકતો નથી**
**એ જ ચહેરાને સદા ઘૂંટ્યા કરું છું શ્વાસમાં**

આ કાવ્યમાં શ્યામવર્ણ પ્રજાને સંગઠિત થઈને પોતાનો અવાજ ઉઠાવવાનું આવાહન પણ અપાયું છે. અને ગુરુદેવ ટાગોરનું કાવ્ય – તેમાં પિંજરવાસી અને વનવાસી પંખીનો સંવાદ છે, એક પંખી પાળેલું છે, માલિક તેને રમાડે છે, ખવડાવે છે, પણ તે પાંજરામાં પુરાયેલું છે. બીજું પંખી જંગલમાં રહે છે. જોખમોની વચ્ચે, પણ મુક્ત. વિધિનું નિર્માણ કંઈક એવું હતું કે બંને એકવાર મળે છે. મૈત્રી થાય છે, સાથે રહેવાના કોડ જાગે છે. વનવાસી પંખી કહે છે, 'પ્રિય, ચાલ મારી સાથે. તને જંગલ બતાવું.' પિંજરવાસી પંખી કહે છે, 'તે કરતાં વહાલા, તું પાંજરામાં આવી જા ને. બંને સાથે રહીશું, ખાશું ને ગાશું.' 'પાંજરામાં પાંખ ફેલાવવાની જગ્યા નથી, મિત્ર. જો આ આકાશ – કેટલું મોટું, કેવું મુક્ત !' 'પણ પ્રિય, આકાશમાં બેસવું ક્યાં ?'

વનવાસી પંખી કહે છે, 'ઓ પ્રિય, ચાલ જંગલમાં સ્વાધીનતાનાં ગીત ગાઈએ.' 'ગીત ? આવ મારી પાસે, હું તને ગાતાં શીખવું.' 'ગીત કદી શીખવી શકાય નહીં. એ તો હૃદયના આનંદમાથી આપોઆપ પ્રગટે.' 'પણ પ્રિય, મને તો જંગલનાં ગીત આવડતાં નથી.'

પ્રેમ ઓછો ન હતો, ઝંખના પણ પ્રબળ હતી, પણ તેઓ પાંખમાં પાંખ પરોવી ઊડી શકતાં ન હતાં. સળિયાની સામસામી બાજુએથી બંને એકમેકને જોતાં હતાં. પાંખોનો ફરફરાટ, કંઠનો થરથરાટ પોકારતો હતો, 'આવ, મારા પ્રિય ! મારી પાસે આવ, મારી દુનિયામાં આવ.' પણ બંને એકમેકને સમજી શકતાં ન હતાં. છેવટે વનવાસી પંખી કહે છે, 'હું પાંજરામાં નહીં આવું. મને સળિયાનો ડર લાગે છે.' અને પિંજરવાસી પંખી રડે છે, 'ઓહ, મારામાં આવવાની તાકાત જ નથી – મારી પાંખોનું ચેતન હણાઈ ગયું છે.' ટાગોરના આ કાવ્યના અનેક અર્થવિસ્તાર થઈ શકે.

ક્યારનું મનમાં ગુંજે છે તે ગીત 'પંખીડાને આ પિંજરું જૂનું જૂનું લાગે, બહુ યે સમજાવ્યું તોયે પંખી નવું પિંજરું માગે' – શરીરને પાંજરું અને આત્માને પંખી કલ્પીને કવિએ આધ્યાત્મિકતાનું સર્વોચ્ચ શિખર સર કર્યું છે. પણ એક વાત છે, પંખી અને પાંજરાનું સાયુજ્ય સાહિત્ય કે અધ્યાત્મમાં કલ્પનો–પ્રતિકોમાં ભલે શોભે – જિંદગીમાં તો પંખી આકાશથી અને આકાશ પંખીથી જ દીપે.

**– સોનલ પરીખ**

## Terror of Terrorism



Memories sting a child's eyes with tears.
When he thinks of his dad who was so dear.
For no fault of his, they took away his life.
Leaving a shadow of grief for his children and wife.
Somewhere in the world, this happens every day.
Violence takes over and earns the greatest say.
In the name of religion, people spread hate.
And in the comforts of our house, we say it's only fate.
The child's anger and hurt mix up in his heart,
The tiniest provocation will soon make him start.
He gets convinced that revenge is the answer.
And hatred spreads, as incurable as cancer.
But if the child was given some love and care,
He'd grow up to be just and fair.
Then even if provoked, he'd make the right choice,
While peace and love echoed in his voice.
Let's wipe out hatred and share love instead
So the true meaning of religion can really spread.
Education, fairness and love are the way,
To slay the monster of terror, come what may.

By: **Anushka Lalit Shah (Dharamshi)**
Age 13 years / Hyderabad
Published on the website of **Unicef Voices Of Youth**
http://www.voicesofyouth.org/en/posts/terrorism

**કોઈ આકાશી અધૂરપ લોહીમાં ઘૂમરાય છે**
**જાણે ભૂખરાં વાદળોને પાથરું છું શ્વાસમાં**

## ટૂંકી વાર્તા : હરિ આવન કી આવાઝ

'સન એન સૅન્ડ' હૉટલના દરિયા તરફ પડતા પ્રાંગણમાં થાંભલાની નજીક ખુરસી નાખીને જે હંમેશાં બેસે છે તે કેટીનું જીવન જાણવાનું મને મન છે. એ આખો વખત ત્યાં બેસીને પરિચિતો સામે હસ્યા કરે છે, અને આંગળીઓના લાંબા નખ પરનું પૉલિશ જોયા કરે છે. એના, સરસ ઘાટમાં કાપેલા નખ પર પૉલિશ સુંદર લાગે છે; અને એ સારું જ છે, કારણ કે એણે પૉલિશ ન લગાડ્યું હોત અને એ લાંબા નખમાં જરા સરખોએ મેલ ભરાયો હોત તો તે ચોક્કસ પશુના નખ જેવા લાગત.



શ્રીમતી દેસાઈ સ્વિમિંગ પુલમાંથી બહાર આવી, શરીર લૂછી ગાઉન પહેરી કેટી પાસે બેસે છે. 'હલ્લો કીટી!' તે કેટીને જાણી જોઈને કીટી કહે છે. 'હલ્લો, કેમ એકલી?'

'ના, ના, ફિરોઝ હમણાં આવશે.'

શ્રીમતી દેસાઈ મર્માળું હસે છે, પણ કેટીની નજર લીલાશમાં ઝળકતા દરિયા ભણી છે. 'એકલી ક્યાં છું? સાચું કહું તો મિસિસ દેસાઈ, મને એકલાં રહેવાનું બહુ જ મન છે. એકલાં જ ગમે છે. પણ તમને ખબર છે, આ બધું ન હોય, આ ડિનર, આ ડાન્સ પાર્ટી, ક્લબ, મિત્રો, બ્રિજ ન હોય તો ફિરોઝ 'બોર'થઈ જાય. એને કશું જીવવા જેવું જ ન લાગે....'

સફાઈ કરતાં કરતાં હું ત્યાંથી પસાર થાઉં છું. હા, હું 'સન એન સૅન્ડ'માં સફાઈ કરનાર તરીકે કામ કરું છું. મેં ત્યાં એવી નોકરી લીધી છે, જેથી ત્યાં જતાંઆવતાં લોકોનાં ચરિત્રો હું આલેખી શકું.

કેટી મને રોજ જુએ છે.

એક દિવસ હું વેશ બદલીને જાઉં છું. ખભા પર ઢળી પડતા વીખરાયેલા વાળને બદલે હું સરસ રીતે ઊંચા વાળ બાંધું છું. સામાન્ય સાડીને બદલે કાંજીવરમની, મોટી સોનેરી-ગુલાબી કિનારવાળી કાળી રેશમી સાડી પહેરું છું. હોઠ પર લિપસ્ટિકની હલકી સુરખી છે. આંખ પર સન-ગ્લાસીઝ હાથમાં તિબેટી બ્રોચવાળી કાળી નેતરની મોટી પર્સ.

કેટીને સામે જ હું ખુરસી લઈને બેસું છું. એની સામે સ્મિત કરું છું.

કેટી કહે છે : 'ઓ ! મેં તમને કદી જોયાં નથી. તમારી સાડી કેટલી સુંદર છે!'

હું હસું છું : 'તમે મને રોજ જુઓ છો. હું અહીં સાફસૂફીનું કામ કરું છું. રોજ સાંજે ટેબલ લૂછું છું....'

કેટી એક હળવી ચીસ પાડી દે છે. પછી હસે છે : 'તમે તો કમાલ મજાક કરો છો....'

'હું મજાક નથી કરતી. મારો ચહેરો ધ્યાનથી જુઓ. લો, હું ચશ્માં ઉતારી નાખું છું.'

કેટી આશ્ચર્ય અને આઘાતથી જુએ છે : 'તમે કોણ છો?'

'કહ્યું ને, અહીં સફાઈ કરનાર એક નોકરાણી.'

'એ તો બરોબર, પણ તમે કોણ છો?'

'એમ તો એક સ્ત્રી છું. લખું છું એટલે લેખક છું. અહીં કામ કરું છું એટલે કામવાળી છું. સાચું નથી માનતા? સાંજે ત્રણ કલાક અહીં કામ કરવા માટે મને મહિને રૂા. ૩૦૦ પગાર મળે છે.'

કેટી ઉદાસ થઈને જોઈ રહે છે. તેની એ ઉદાસીમાં એક આમંત્રણ છે, તેના આત્મીય થવા માટેનું ઈજન છે.

મારું હૃદય કરુણાથી ઊભરાય છે. મારી કથાનાં પાત્રો માટે હું રોજ રાતે આંસુ વહાવું છું. વિવેચકો કહે છે – મારામાં તટસ્થતા નથી, વધુ પડતી ઊર્મિલતા છે.

... અને ઊર્મિલતા એક મૂર્ખાઈ છે. કોઈને માટે દુઃખી થવું, એ મૂર્ખાઈ છે.

આપણી જાત માટે દુઃખી થવું, એ પણ શું એક મૂર્ખાઈ નથી?

કેટી ચોરીછૂપીથી મારી તરફ નજર નાખી લે છે. હું તેની સામે સ્નેહથી હસું છું. એ સ્નેહ વડે જાણે હું એને કહું છું : રોજ હસ્યા કરતી ઓ ઉદાસ સ્ત્રી! તારા હૃદયનાં દ્વાર ખોલ અને અંદર જે બંધ છે તેને અજવાળાના આંગણમાં બહાર નીકળવા દે.

કેટી ધીમે ધીમે બોલે છે : 'હવે મને ખ્યાલ જાય છે. તમારો ચહેરો મેં જોયો છે. અહીં તમે ઘણી વાર ટેબલ સાફ

એની પાસે પણ હવાઓના અવાજો છે ફક્ત
હું ય બસ એક મૌનને પીધા કરું છું શ્વાસમાં

કરતાં હો છો, ખુરસીઓ ગોઠવતાં હો છો, મેલાં કપડાં ઊંચકી લઈ ધોયેલા કવર ટેબલ પર પાથરતાં હો છો. આપણે સ્ત્રીઓ – ના, માફ કરજો, તમને નથી કહેતી, પણ સાધારણપણે બધી જ સ્ત્રીઓ માત્ર કપડાં ને અલંકારો જ જુએ છે. મેં તમારાં કપડાં જ જોયેલાં. તમને પોતાને મેં જોયાં જ નહિ હોય. નહિ તો તમે માત્ર કપડાં બદલીને આવો, તેથી થોડાં જ બદલાઈ જાઓ?'

તે ચૂપ રહે છે. પછી ફરી બોલે છેઃ 'બધા જ લોકો માત્ર કપડાં જ જુએ છે. આપણાં કપડાં એ આપણું મહોરું છે. આપણે ઘરમાંથી નીકળીએ છીએ, કાંજી કરેલાં ઈસ્ત્રીવાળા કપડાં પહેરીએ છીએ અને બદલાઈ જઈએ છીએ. બહારનાં લોકોને એ મહોરા વડે મળવાને 'ક્વૉલિફાઈડ' બનીએ છીએ. આપણી કાર, આપણી પ્રતિષ્ઠા, એ બધાં પણ શું મહોરાં જ નથી?'

કેટી દૂર, ભીની સાંજમાં સોનેરી ચમકતાં સાગરનાં મોજાં તરફ જોઈ રહે છે. હું સમજું છું – અચાનક જ એ એનાં મહોરાંઓથી થાકી ગઈ છે. હવે તે નિરાવરણ પ્રગટ થવા ઈચ્છે છે : કેટી તરીકે નહિ, મિસિસ ફિરોજ તરીકે નહિ, સન એન સેન્ડ હૉટેલની એક શ્રીમંત પેટ્રન તરીકે નહિ, એક સ્ત્રી તરીકે.

શા માટે? શા માટે બધાં આવરણોને તોડવા માગે છે?

કઈ જગ્યાએ માણસ બધાં મહોરાંનો ત્યાગ કરી પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ થવા ઈચ્છે છે?

પ્રેમમાં?

ઓ રે અભાગી કેટી! પણ તું તો પરણેલી સ્ત્રી છે. રાતના બીજા સ્ત્રીઓના ખભા પર હાથ મૂકીને ફરતા જે ફિરોજને મેં સેંકડો વાર જોયો છે, તેની તું પત્ની છે.

તું તારું આ પત્નીત્વનું મહોરું શી રીતે ત્યાગી શકશે?

કેટી કશું બોલતી નથી. લાંબા સમય સુધી તે ચૂપચાપ બેસે છે.

સમય એને અડ્યા વિના સરી જાય છે. એને ખ્યાલ નથી કે કેટલા વાગ્યા, સાગરમાં ભરતી ક્યારે આવી ને ઓસરી ગઈ, સ્વિમિંગ પૂલનાં બારણાં ક્યારે બંધ થઈ ગયાં, અંધારી થતી ક્ષિતિજ હેઠળ ક્યારે સૂરજ પોઢી ગયો....

એને કશી ખબર નથી.

સમયની પારના પ્રદેશમાં તે એકાકી પ્રેમવિહ્વળ સ્ત્રી છે, પણ આ સન એન સૅન્ડ હૉટેલમાં તે માત્ર મિસિસ ફિરોજ છે. હમણાં જ એની ચમકદાર નવી બ્યૂક ગાડી આવશે, એમાંથી ફિરોઝ ઊતરશે – સોહામણો, છટાદાર, હૃદયરહિત ફિરોઝ, 'હલ્લો સ્વીટી!' તે કહેશે.

શબ્દોનું આ એક બીજું મહોરું.

કેટી સ્મિત કરશે.... સ્મિતના મહોરા વડે તે પોતાની ઉદાસી ઢાંકી દેશે. 'ઓહ ડાર્લિંગ, આઈ વૉઝ વેઈટિંગ ફૉર યૂ ઓન્લી!' તે કંપતા અવાજે બોલશે. તે જાણે છે કે, એનો એકેએક શબ્દ જૂઠો છે. ફિરોઝની તો તેને યાદ પણ નહોતી. તે તો ઘૂઘવતા સાગર પર મીટ માંડીને કોઈક બીજી જ દુનિયામાં સરી પડી હતી; જ્યાં તેને કોઈ મહોરાં પહેરવાનાં નહોતાં, કોઈની સામે પરાણે હસવાનું નહોતું, જે માણસને તે ચાહતી નથી તેને ડાર્લિંગ કહેવાનું નહોતું.

શ્રીમતી દેસાઈ કેટી સામે જોઈ મર્માળું હસે છે, પણ કેટી ઉદાસ રહે છે.

એક દિવસ તે મને પૂછે : 'તમે અહીં, આ હૉટેલમાં ભારતીય ગીતો-ભજનોની રેકૉર્ડ નથી રાખતાં? બધી પૉપ અને જાઝની જ રેકૉર્ડ છે?'

હું પૂછું છું : 'તમારે કયું ગીત સાંભળવું છે?'

'સુબ્બલક્ષ્મીએ મીરાનું એક સુંદર ભજન ગાયું છે : તમને ખબર હશે – સુની મૈં... હરિ આવન કી આવાઝ....'

'તમને બહુ ગમે છે એ ભજન?'

'હા, ધરતી રૂપ નવા નવા ધરિયા, પિયામિલન કે કાજ... સરસ રીતે ગાય છે, નહિ? મને એનો અવાજ બહુ ગમે છે, પણ મને આ ગીત જ ગમે છે – હરિ આવન કી આવાઝ....'

હું એની સામે અપલક જોઈ રહું છું.

તે જરા અસ્વસ્થ બની જાય છે.

હું કહું છું : 'તમે મારી સામે જેવાં છો તેવાં જ બનીને રહો. કશું છુપાવવાની જરૂર નથી. સન્માનિતતાનું મહોરું પહેરવાની જરૂર નથી. હું તો અહીં કામ કરનાર સ્ત્રી છું, ટેબલની સફાઈ કરું છું. હું તમને ચાહું છું....'

તે એનું એ જ પેલું ઉદાસ હાસ્ય હસે છે. તે કહે છે : 'તમે કોઈ દિવસ હરિ આવવાનો અવાજ સાંભળ્યો છે? તમે અગાસીએ ચડીને વારંવાર જોયા કરતાં હો કે, એ ક્યારે આવે – ક્યારે આવે... અને પછી એના આવવાનો, એનાં પગલાંનો અવાજ સંભળાય, તમારી આસપાસની હવા ઝંકૃત થઈ ઊઠે. એ આવે છે... આવે છે....'

**એની ફોરમને પવન ક્યાં દૂર લઈ જાશે હવે**
**મારી સાથે આખું ઉપવન લઈ ફરું છું શ્વાસમાં**

હું જાણું છું કે તેને ઉત્તર નથી જોઈતો, આગળ બોલવાનું પ્રોત્સાહન જોઈએ છે. હું તેની સામે જોઈને ડોકું ધુણાવું છું.

તે કહે છે : 'જીવનમાં કોઈક વાર એવો અવાજ સંભળાય છે. પણ ત્યારે આપણે કોઈ બીજાના મહેલની છત પર હોઈએ છીએ... હરિ આવે છે, પણ ત્યાં સુધીમાં આપણે ઘણાં મહોરાં પહેરી લીધા હોય છે. પછી આપણે આપણો છદ્મવેશ ઉતારી, નીચે ઊતરી દોડતાં એને મળવા જઈ શકતાં નથી. આખી જિંદગી આપણે છલનાઓમાં જીવીએ છીએ, હજારો અસત્યોના કોલાહલ સાંભળીએ છીએ. પછી કોઈક પળે હરિના પગલાં સંભળાય છે....'

'એ પગલાં તમે સાંભળ્યા છે, એમ ને?' હું પૂછું છું.

તે કશું બોલતી નથી. માત્ર ચૂપચાપ, નાળિયેરીનાં ડોલતાં લાંબા પર્ણો જોયા કરે છે.

હું કહું છું : 'તમે એ અવાજ સાંભળ્યો હોય તો, તમે ગમે તેના મહેલની અગાસી પર હો, તમે નીચે કેમ ઊતરી પડતાં નથી? વેગથી દોડી કેમ જતાં નથી? તમારાં બધાં જ જીર્ણ રૂપો ફેંકી દઈ નવાં રૂપ કેમ ધારણ કરતાં નથી? તમે... તમે ઓહ, સ્ત્રીઓ વિદ્રોહ કેમ નથી કરતી? એનાં જૂઠાં બંધનોને એ તોડીફોડી કેમ નથી નાખતી?'

તે આશ્ચર્યથી મારી સામે જોઈ રહે છે. મારામાં આવી ઉગ્રતા તેણે કદી જોઈ નથી. પણ મારા મનમાં રોષ છે. બધાં જ મિથ્યા જડત્વ સામેનો, જૂઠાં બંધનો સામેનો રોષ, મહોરાં સામેનો રોષ, જીવનને નિરર્થક વહી જવા દેવા સામેનો રોષ, જે પરમ પ્રિયના સર્વાંગ મિલનમાં જીવનનું સકળ શુભ્ર–સફલ થઈ ઊઠે તેને એક ખોટા માણસ ખાતર ન પામવા સામેનો રોષ.

હું ફરીને પૂછું છું... 'સ્ત્રીઓ વિદ્રોહ કેમ નથી કરતી?'

કેટી લાંબા વખત સુધી બોલતી નથી, પછી ધીમે ધીમે તેના હોઠ પરથી શબ્દો સરે છે :

'કોઈક વાર... જીવનમાં એક વાર, એક સાચું દ્વાર ખૂલે છે. પણ પહેલાં આપણે ખોટા દ્વારમાં પ્રવેશી ચૂક્યાં હોઈએ છીએ, ખોટા માણસને વચન આપી ચૂક્યાં હોઈએ, ખોટું ઘર વસાવી ચૂક્યાં હોઈએ છીએ.'

'સાંભળો, એ કેવી અજબ વાત છે કે, તમે ઊગતા સૂરજની સાખે કશું કહો તે સાચું નથી બનતું, પણ અગ્નિની સાખે કહો, તો તે સાચું બની જાય છે. નીરવ એકાંતમાં હૃદયના સર્વ સમર્પણ સાથે જે વાત ઉચ્ચારી હોય તે સાચી નથી બનતી, પાંચસો માણસોની ઉપસ્થિતિમાં જે વાત ઉચ્ચારી હોય તે સાચી બની જાય છે. તમે તમારા અંતરમની વાણી બોલો તે સાચી નહિ, કોઈ અજાણ્યો પુરોહિત એની ભાષામાં ન સમજાય તેવા મંત્રો બોલે તે સાચા – તેનું તમને જન્મભરનું બંધન.

'અને પછી એ બંધન સામે સ્ત્રી વિદ્રોહ કરી શકતી નથી. જેની સામે વિદ્રોહ કરવો જરૂરી હોય, તેને પણ ને નીચી નજર કરી સ્વીકારી લે છે. સહેવાની તેની અમાપ શક્તિ જ તેની શત્રુ બની જાય છે. ખોટાનો સામનો કરવાની આપણામાં હિંમત નથી આવતી. આપણે કર્મના નિયમોમાં માનીએ છીએ, જે ઈશ્વરને ઓળખતાં નથી તેના પર શ્રદ્ધા રાખીએ છીએ. કહીએ છીએ – અંતે બધું બરાબર થઈ રહેશે. પણ અંતે કશું જ બરોબર થતું નથી. તમે રોજ રોજ ભસ્મના ઢગલામાં ફેરવાતાં જાઓ છો અને પછી તમારામાં એક તણખોય રહેતો નથી. તમે સળગતાં બંધ થઈ જાઓ છો. તમારી આગ બુઝાઈ જાય છે, તમારો પ્રકાશ ઓલવાઈ જાય છે. ત્યારે તમે કહો છો, હવે બધું બરોબર થઈ ગયું. પણ તમે જેને બરોબર થઈ ગયેલું માનો છો, તે તો મૃત્યુ હોય છે.'

આટલું લાંબું બોલીને કેટી થાકી જાય છે. તે આંખો મીંચી દે છે. તેનો કોમળ ઉદાસ ચહેરો ઊંડી પીડામાં ઓગળી જાય છે. તે ધીમેથી કોઈક અંગ્રેજી કવિતા ગણગણે છે. એનો અર્થ કંઈક આવો છે :

'મારી એકલતાની અસહ્ય વ્યથા પર તમે રૂપ અને શણગારનું ઢાંકણ દીધું છે.'

મૃત્યુનો શ્યામ હાથ તમારી આંખોના રત્નને ઝૂંટવી લે છે.

પ્રીતમનો સાદ આવ્યો છે, પણ હું મારા શોકના કારાગારમાં કેદ છું.

'તમે મૃત્યુ પામતાં હો ત્યારે તમને સુખ મળે તેનો શો અર્થ છે?'

તે ધીમે ધીમે ગણગણે છે. હું સાંભળું છું. અચાનક તે ઝબકીને જાગે છે ને પૂછે છે : 'તમારી પાસે સુબ્બલક્ષ્મીની રેકૉર્ડ છે? હરિ આવન કી આવાઝ... હોય તો ચાલો, આપણે વગાડીએ.'

**– કુન્દનિકા કાપડીઆ**

**મારા પડછાયાને દોરી જાઉં છું મારા સુધી**
**જ્યારે હું મારા સૂરજને આછરું છું શ્વાસમાં**
**– શ્વાસમાં, જવાહર બક્ષી**

## ઈરવિંગ સ્ટોનનો 'જીવન' સંદેશ

વાત ઈ.સ. ૧૯૩૨ની છે. ન્યૂ યૉર્ક શહેરના એક નાટ્યગૃહની બહાર ૩૦ વર્ષના યુવા નાટ્યલેખક અને દિગ્દર્શક સાથે ૧૮ વર્ષની તરુણી વાતચીત કરી રહી હતી. વર્ગખંડમાં ભણવાને બદલે થિયેટરમાં ફિલ્મો જોવાની શોખીન તરુણી પેલા યુવાનને તેણે દિગ્દર્શિત કરેલા નાટક અંગે ઘાણીફૂટ સવાલો કરી રહી હતી. હાઈસ્કૂલ પણ પૂરી નહોતી કરી એવી તરુણીના પરિપક્વ સવાલોથી ઈમ્પ્રેશ થયેલો યુવાન કહે છે કે મેં એક વિખ્યાત ડચ કલાકરની જીવનકથા લખી છે, તું એને વાંચીને કહે કે સત્તર સત્તર પ્રકાશકોએ શા માટે તેને છાપવાનો ઈનકાર કર્યો હશે.



પેલી તરુણી એ જીવનકથા વાંચે છે અને કથાલેખક યુવાન સાથે ચર્ચા કરે છે. લેખક કહે છે, હું હવે આ જીવનકથા ફરી લખીશ નહીં, એક કામ કર, તું એને જાતે ટાઈપ કર અને તને યોગ્ય ન લાગે એટલું ટાઈપ ન કરતી. આ રીતે પેલી તરુણીએ સંપાદિત કરેલી જીવનકથા પ્રકાશકને મોકલવામાં આવી. પ્રકાશક તેને છાપવા રાજી થઈ ગયા અને ૨૫૦ ડૉલર્સ એડવાન્સમાં પણ આપ્યા. આ નાણાંમાંથી જ તેમણે બન્નેએ લગ્ન કરી લીધા !




આ યુવા લેખક એટલે વિશ્વવિખ્યાત જીવનકથા લેખક ઈરવિંગ સ્ટોન, સંપાદક તરુણી એટલે વર્લ્ડ ક્લાસ એડિટર જીન સ્ટોન અને એ પુસ્તક હતું – 'લસ્ટ ફોર લાઈફ', વિશ્વપ્રસિદ્ધ ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોગનો જીવનકથા. આ પુસ્તકનો સદ્‌ગત વિનોદ મેઘાણીએ ગુજરાતીમાં 'સળગતાં સૂરજમુખી'ના નામે અદ્‌ભુત અનુવાદ કર્યો છે. વાન ગોગની પરિચય હોય કે નહીં, ચિત્રકળામાં રસ કે સૂઝ હોય કે નહીં, પણ આ પુસ્તક વાંચ્યા પછી તમે જિંદગી (લાઈફ) અને જુસ્સા (પેશન) અંગે જુદી રીતે વિચારતા જરૂર થઈ જાવ. વિનોદભાઈએ આ પુસ્તકનો અનુવાદ એટલી ચીવટ અને જીવટથી કર્યો છે કે વાંચતા વાંચતાં તમને યાદ જ ન રહે કે તમે મૂળ પુસ્તક વાંચી રહ્યા છો કે અનુવાદિત. 'સળગતાં સૂરજમુખી'ની વાત વધારે નથી કરવી, કારણ કે એ તો તમે વાંચીને માણી જ શકશો, પરંતુ વાત કરવી છે તેના મૂળ સર્જક ઈરવિંગ સ્ટોનની.

ઈરવિંગ સ્ટોનને વાંચનનો વારસો તેમની માતા પાસેથી મળેલો. નાનપણથી જ વાંચનના કીડા ઈરવિંગે રાજ્યશાસ્ત્રમાં સ્નાતક થયા પછી અર્થશાસ્ત્ર સાથે માસ્ટર ડિગ્રી મેળવેલી. બર્કલી યુનિવર્સિટીમાં ડૉક્ટરેટની ડિગ્રી માટે પ્રવેશ લીધા પછી તેમને થયું કે કરિયર તો લેખક તરીકે જ બનાવવી છે. ડૉક્ટરેટનો અભ્યાસ છોડીને તે ફ્રાન્સ ગયા. લેખક તરીકે તેમણે નાટ્યલેખનથી શરૂઆત કરેલી. એક જ વર્ષમાં ૧૭ નાટકો લખી નાખ્યાં, પણ એક્યેનું કોઈ લેવાલ નહોતું. એવામાં તેમણે પેરીસની રોસનબર્ગ ગેલેરીમાં વિન્સેન્ટ વાન ગોગનાં ચિત્ર પ્રદર્શનને નિહાળ્યું અને નક્કી કરી લીધું કે આ ચિત્રકારના જીવન પરથી પુસ્તક લખવું છે. તેઓ ન્યૂ યૉર્ક પાછા ફર્યા. સડકછાપ સામયિકોમાં રહસ્યકથાઓ લખી લખીને નાણાં એકઠાં કર્યાં અને ફરી યુરોપ જઈને વાન ગોગના જીવન પર સંશોધન શરૂ કર્યું અને એ રીતે લખાયું – 'લસ્ટ ફોર લાઈફ', ઈરવિંગ સ્ટોનના પ્રતાપે વાન ગોગનું જીવન અને વ્યક્તિત્વ શબ્દદેહે કાયમ માટે અમર થઈ ગયું છે.

જીવનકથા આધારિત નવલકથાના લેખક તરીકે વિખ્યાત બનેલા ઈરવિંગ સ્ટોને જીવનકથા લેખનમાં એક નવો જ ચીલો ચાતર્યો. ઈરવિંગ સ્ટોને આગળ જતાં માઈકલ એન્જેલો, સિગ્મંડ ફ્રોઈડ, ચાર્લ્સ ડાર્વિન, ચિત્રકાર કામીય પિસારો વગેરે મહાનુભાવોના જીવન આધારિત બે ડઝન જેટલી નવલકથાઓ લખી છે.

ગુજરાતીમાં સંશોધન આધારિત લેખન એમાંય નવલકથા લખવાનું હવે સાવ ઠપ જ થઈ ગયું છે ત્યારે ઈરવિંગ સ્ટોનના જીવન અને લેખન પાસેથી યુવા લેખકોએ ઘણું બધું શીખવા જેવું છે. જોકે, આ શીખવાની શરૂઆત તો તેમના પુસ્તક, ખાસ કરીને ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક 'સળગતાં સૂરજમુખી' વાંચીને જ કરીએ તો એનાથી રૂડું બીજું શું !

– **દિવ્યેશ વ્યાસ,** દિવ્ય ભાસ્કરમાંથી સાભાર

પથરાશે હમણાં મૌનનું રણ સાંભળ્યા કરો
પૂછો નહીં હવે કશું, પણ સાંભળ્યા કરો
– **સાંભળ્યા કરો,** જવાહર બક્ષી

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સખીવૃન્દ પુના

સખીવૃન્દ મંડળમાં તા. ૧૬-૭-૨૦૧૬ના સ્વાસ્થ્યને અનુરૂપ વાર્ષિક પ્રોફેશનલ બેઠકનું આયોજન કરેલ જેમાં ડાન્સ મૂવમેન્ટ થેરેપી (DMT) થી સૌને પરિચિત કર્યા. DMT એ નૃત્ય અને મૂવમેન્ટનું આપણી અંતરમન સાથે તેના સંબંધ પર આધારિત પદ્ધતિ છે. આ થેરેપીની રાજુઆત કરવા પુણે સ્થિત ''સત્વ'' નામની સંસ્થા થી ત્રણ નિષ્ણાતો પધારેલ. જેના મુજબ શરીરની યાદશક્તિ મગજ કરતા વધુ છે, આપણા જાગૃત મન અને અજાગૃત મનની માનસિક પરિસ્થિતિની અસર આપણા શરીર પર થાય છે.

એમણે બતાવેલ કે લાગણી મુખ્ય સાત પ્રકારમાં વહેંચી શકાય : ગુસ્સો, પ્રેમ, હિમ્મત, આશ્ચર્ય, આનંદ, ડર, ઉદાસી અને હીનતા. આ લાગણીઓને કેમ ઓળખવી એ પણ શીખવાડેલ. દરેક ભાવ હિલચાલથી વ્યક્ત કરવા અને એ ભાવની અનુભુતી થી પ્રદર્શિત થતા વર્તનની આપણા પર શું અસર થાય છે એનો અનુભવ એકટીવીટીથી કરાવ્યો. એમને કીધેલ : ભાવને શરીરની અંદર ઘર કરવા દેવું નહીં પણ ઉચિત રૂપથી વ્યક્ત કરવું. સર્વેને પોતાના 'હેપી ડાન્સ'ની રજુઆત કરાવી જે ભાવને વ્યક્ત કરવાનુ સાધન બની શકે છે.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ

કચ્છ એકમ કારોબારી કમિટીની મિટીંગ તા.૨૪-૦૭-૨૦૧૬ રવિવારના એકમ ભવન ભુજ મધ્યે મળેલ. જેમાં અબડાસા માંડવી મુન્દ્રા તાલુકા તેમજ કચ્છમાં અન્ય ગામોમાં વસવાટ કરતા (ગાંધીધામ અને ભુજ મહાજનશ્રી વિસ્તાર સિવાયના) વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સરસ્વતી સન્માન કાર્યક્રમ સાથે સમગ્ર કચ્છમાં વસતા બધાજ જ્ઞાતિજનો માટે સ્નેહમિલનનું આયોજન આગામી તા. ૨૫-૦૯-૨૦૧૬ રવિવારના અબડાસામાં કરવાનુ નક્કી કરવામાં આવેલ છે.

**આગામી પર્યુષણ પર્વમાં અનુકુળ દિવસે અબડાસા અને કચ્છના આપણા મહાજનશ્રીઓના પદાધિકારીઓ / ટ્રસ્ટીશ્રીઓની સંયુક્ત મિટીંગ મળે અને એમાં આપણા જ્ઞાતિજનોના સ્થાનિક પ્રશ્નો તેમજ જ્ઞાતિની મિલકતોની સાચવણી વગેરે માટે વિચાર વિમર્શ થાય એવું આયોજન ગોઠવવું.**

ક.દ.ઓ. જૈન સમુહ લગ્ન ટ્રસ્ટ દ્વારા આગામી ફેબ્રુઆરી કે મે મહિનામાં અથવા જ્યારે પણ ૩ (ત્રણ) ઉમેદવાર થાય ત્યારે સમુહ લગ્નનું આયોજન કરવું એવું નક્કી થયેલ છે.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ

કચ્છ એકમના હોદેદારો અને કારોબારી કમિટીના સભ્યોએ જુન-૨૦૧૬માં અબડાસા અને ભુજ તાલુકામાં વસતા આપણા જ્ઞાતિજનોના ઘરો ઘર જઈ રૂબરૂ મુલાકાત કરી દરેક કુટુંબની સંપૂર્ણ માહિતી મેળવેલ તેમજ એમની સાથે આર્થિક અને શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા કરેલ અને તેમના વિચારો જાણવાની કોશિશ કરેલ એ સાથે મેડીક્લેમ અને એક્સીડન્ટ મેડીક્લેમ વીમા પોલીસી માટે જાગૃતી લાવવા પ્રયત્નો કરેલ. જેમાં જ્ઞાતિજનો એ બહુજ ઉત્સાહ દાખવેલ આ મુલાકાતમાં અબડાસા અને ભુજ તાલુકાના લગભગ બધાજ ગામોને આવરી લેવામાં આવેલ છે છતાંપણ કોઈ ગામ કે કુટુંબની મુલાકાત રહી ગઈ હોય તો તેઓશ્રી એ કચ્છ એકમના કોઈપણ કારોબારી સભ્યનો સંપર્ક કરવા વિનંતી છે.

હવે બીજા રાઉન્ડમાં માંડવી/મુન્દ્રા/અંજાર અને ગાંધીધામ તાલુકાને આવરી લેવાનું આયોજન છે.

### શ્રી અંકુશ મિત્ર મંડળ - ડોંબિવલી (પ)

ડોંબિવલી (પ)માં ગાંવદેવી વિસ્તારમાં રહેતા ક.દ.ઓ. જ્ઞાતિજન દ્વારા આયોજીત શ્રી અંકુશ મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રી ઉત્સવની બાબતમાં ચર્ચા કરવા સભાનું આયોજન તા. ૨૮-૮-૨૦૧૬ રવિવારના સાંજે ૪ થી ૭ કલાકે ગંગારામ ભોઈર બિલ્ડીંગ, ૩જે માળે, નવરાત્રી ચોકમાં રાખવામાં આવેલ છે. કાર્યકર્તા : કિરીટ કાંતીલાલ લોડાયા - 099204 72971, અરવિંદ બાબુલાલ ધરમશી - 09320951263

### સાંયરા તિર્થ ચાતુર્માસના પ્રવેશ

સાંયરા તા. ૧૬-૭-૨૦૧૬ અષાઢ સુદ ૧૨ના શનિવારની સવારે દિર્ઘ સંયમી પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ચંદ્રશિલાશ્રીજી મ.સા. તથા પ.પૂ. બાલસાધ્વીશ્રીજી વિતરાગ શિલાશ્રીજી મ.સા. પધારતા સાંયરા સંઘ તથા આજુબાજુના સંઘોએ વાજતે ગાજતે સામૈયું કરાવેલ ગામના પ્રવેશ વખતે મુંબઈ, દેશાવર કચ્છ થઈ સાંયરાવાસીઓ ૧૦૦ ભાવિકો આવેલ. પ્રવેશમાં ટોટલ ૫૧૦ ભાવિકો આવેલ.

સવારના સકળ સંઘોને નવકારશી હતી. મારાજ સાહેબે સરળ ભાષામાં વ્યાખ્યાન આપેલ. ગુરૂપૂજનનો ચડાવી

રૂા. ૨,૩૧,૦૦૦માં માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવારે લાભ લીધેલ. ધર્મરત્નસૂત્ર વહોરાવવાનો મણ ૩૧૦૦૧ માતુશ્રી દમયંતીબેન રતનશી કુવંરજી લોડાયા પરિવારે લાભ લીધેલ. પ્રવેશ વખતે સંગીતકાર કિશોરભાઈ સંગાર પાર્ટીએ સૂરની રમઝટ બોલાવેલ.

સંપૂર્ણ ચાતુર્માસના સાધર્મિક ભક્તિના દાતાશ્રી માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર છે.

આષાઢ સુદ ૧૪ના તા. ૧૮-૭-૨૦૧૬ના મહાકાળી માતાજીની ભાવના માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા તરફથી ભણાવામાં આવેલ.

અષાઢ સુદ પુનમના સ્વામી વાત્સલ્ય જમણ માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર તરફથી થયેલ.

**શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ ચાલીસગામ દ્વારા ચાલતી પ્રવૃતિમાં તા. ૨૧-૭-૨૦૧૬ બુધવાર ગરીબોને ભોજન કરાવનાર દાતા પાસેથી ૧) ફ્રેની અને ફેનલ હેતલ વિજલ હંસરાજ નાગડા (ખંડવા), ૨) ડૉ. ઉર્વશી મેઘજી ધરમશી, પ્રિયમવંદા મેઘજી ધરમશી (હસ્તે તક્ષશીલા, વિધાતા ધરમશી તારદેવ), ૩) જુગલ વિજય પોલડિયા (ચાલીસગામ), ૪) ભાવેશ વિજય પોલડિયા (ચાલીસગામ), ૫) કાંતિલાલભાઈ દંડ, દિનેશભાઈ દંડ (મલકાપૂર), ૬) રાજુલબેન વિજય ખોના (મુલુન્ડ) ૭) નિર્મલાબેન રતીલાલ નાગડા (ઘાટકોપર), ૮) અસરફાબેન લધા (હસ્તે - યેવલે) (પટેલ, મહેતા, વિકમશી-મુંબઈ), ૯) ભાવિની રાજીવ મોમાયા (હસ્તે - વસન્ત શિવજી પોલડિયા - કોજીકોડ), ૧૦) વિજય મણીલાલ (મુંબઈ), ૧૧) મણીકાંતભાઈ કલ્યાણજી પોલડિયા (ચાલીસગામ), ૧૨) નિર્મલાબેન પાશવીર ધરમશી (હસ્તે પારૂલબેન કિશોરભાઈ ધુલ્લા - ચાલીસગામ), ૧૩) કિશોરભાઈ મણીલાલ ધુલ્લા (હસ્તે - પારૂલબેન - ચાલીસગામ), ૧૪) વિશાલ શાવેદ ગાલા (ડોંબિવલી), ૧૫) સમકીત ચંપાલાલ છાજેડ (ચાલીસગામ), ૧૬) મહેન્દ્રભાઈ રતીલાલ નાગડા (મુંબઈ), ૧૭) ધનપતી પદ્મશી પોલડિયા (ડોંબિવલી), ૧૮) લીલાવતીબેન ગોવિંદજી નાગડા (નાંદેડ), ૧૯) ગોવિંદજી આણંદજી નાગડા (નાંદેડ), ૨૦) શીવસાઈ (ચાલીસગામ)

**કારંજા મુર્તિજાપુર મહિલા મંચ**

કારંજા મુર્તિજાપુર મહિલા મંચ દ્વારા તા. ૬-૭-૨૦૧૬ના અષાઢી બીજ નિમિત્તે બપોરે હિરાબેન લહેરચંદ ગોસરના ઘરે મહાકાલીની ભાવના રાખવામાં આવી.

બાળકોએ ૨ નાટક પ્રસ્તુત કર્યા 'કમ જા કુડા' અને 'ન્યુ જનરેશન' નાટકમાં ભાગ લેનાર બાળકો : કુ. ખુશી ખોના, કુ. રેનીષા ખોના, કુ. ચિરાંગી ગોસર, કુ. ઉર્વી ગોસર, કુ. ખુશી ગોસર, કુ. માહી ખોના, યશ ગોસર, મલય લોડાયા, નિકેત ગોસર. કપલ ગેમના વિજેતા હતા ૧) સૌ. નેહલ મોતા - આશિષ મોતા ૨) સૌ. હિના લોડાયા - જયેશ લોડાયા. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું. બાળકોનું પણ પ્રોત્સાહન કરવામાં આવ્યું.

**કારંજા મુર્તિજાપુર મહિલા મંચ**

કારંજા મુર્તિજાપુર મહિલા મંચની તા. ૧૨-૭-૨૦૧૬ની મિટીંગ સૌ. સરોજ લલીત ખોનાના ઘરે રાખવામાં આવેલ. હાઉજી ગેમમાં સૌ. કેતકી દિપક ગોસર, સૌ. નંદા ચંદ્રકાંત ખોના, સૌ. હિના જયેશ લોડાયા, સૌ. રૂપા નંદીશ લોડાયા, સૌ. દર્શના હરીશ ગોસર, કુ. તોરલ લલીત ખોના વિજેતા બન્યા. માચીસની કાંડીઓથી બિલ્ડીંગ બનાવવાની ગેમમાં ૧) સૌ. કોમલ દિલીપ લોડાયા અને ૨) સૌ. વિદ્યા દેવાંગ લોડાયા વિજેતા બન્યા.

બંગડીમાંથી સાડી કાઢવાની ગેમમાં પહેલા વિજેતા સૌ. કેતકી દિપક ગોસર અને ૨) હર્ષા નિશાંત ગોસર આવેલ. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું. તા. ૧૭-૭-૧૬ની મીટીંગ હિરાબેન ગોસરના ઘરે રાખવામાં આવેલ. હાઉજીમાં સૌ. હર્ષા નિશાંત ગોસર, સૌ. દર્શના હરીશ ગોસર,સૌ. યોગીતા બિપીન ગોસર, સૌ. હિના જયેશ લોડાયા, સૌ. કોમલ દિલીપ લોડાયા, સૌ. નેહલ આશીષ મોતા, સૌ. સરોજ લલીત ખોના, કુ. ખુશી ખોના, કુ. ઉર્વી ગોસર અને નિકેત ગોસર વિજેતા બન્યા.

કપલની નામોની શોધીને જોડી બનાવવાના પહેલા વિજેતા સૌ. રૂપા નંદીષ લોડાયા અને બીજા વિજેતા સૌ. યોગીતા બિપીન ગોસર આવેલ. ત્રીજી ગેમના વિજેતા સૌ. નંદા ચંદ્રકાંત ખોના અને સૌ. દર્શના હરીશ ગોસર હતા. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગુલાબ વી. ધરમશી** | પ્લૉટ ૪, ડુપલેક્સ નં. ૨, વાર્ડ ૯ બી, બ્લૉક નં. ડી, ગોપાલપુરી, |
| (PS 4222) | ગાંધીધામ - ૩૭૦ ૨૪૦. |
| **કિશોર વી. છેડા** | ૫/૩૭, જસુ વિલા, સુમરો ફલિયા, સુથરી ૩૭૦ ૪૯૦. |
| (PS 3930) | |
| **જવેર એમ. લાલકા** | ૨૦૧, એપીરોઝ-૨, પરિમલ ગાર્ડન પાસે, સેંટ્રલ મૉલ પાછળ, અંબાવાડી, |
| (PS 5423) | અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૪૪૫૫૪૫ |
| | જવેર લાલકા - ૯૩૯૩૯૪૩૧૧૦ / રશ્મી લાલકા - ૮૧૨૧૯૪૩૧૧૦, ૯૩૯૪૭૩૫૪૨૧ |
| **સમીર જી. શાહ (ધરમશી)** | ૬૦૧, કુબેર મનોરથ રેસીડેન્સી, લાયન્સ ઈંગ્લીશ સ્કુલ સામે, સાયલી રોડ, |
| (PS 5144) | સિલવાસા ૩૯૬ ૨૩૦. મો.: ૯૭૧૨૨૬૯૯૯૯ |
| **હર્ષા એન. છેડા** | પ્લૉટ નં. ૨૨, સી ૭૦૨, સફાયર એન્કલેવ, જવાહર નગર, એસ. વી. રોડ, |
| (PS 604) | ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૨. મો.: ૯૮૩૩૯૦૫૯૬૧ |
| **શ્રીમતી મીનાક્ષી કે. લોડાયા** | બી-૨૦, મેઘછાયા કો.હા.સો., પ્લૉટ નં. ૧૧૨, સેક્ટર નં. ૧, ચારકોપ, |
| (PS 2354) | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. |
| **કુમારપાળ એમ. મૈશેરી** | બી-૧૧૦૪, છેડા હાઈટ્સ, સાંગ્રીલા બિસ્કીટ કાં., એલ.બી.એસ. રોડ, |
| (PS 1264) | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. |
| **શ્રીમતી મણીબાઈ સી. શાહ (મૈશેરી)** | સી-૯, નવસૂર્યા પ્રભા બિલ્ડીંગ, મુરાર રોડ, મુલુંડ (વેસ્ટ), |
| (PS 1578) | મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **વિપુલ એલ. ધરમશી** | એ-૧૦૧, મારૂતી એપાર્ટમેન્ટ, અપના બજાર પાછળ, જે. એન. ક્રોસ રોડ, |
| (PS 1397) | મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **મહેશ પી. ધરમશી** | સી-વિંગ, ફ્લેટ નં. ૧૦૨, ૧લે માળે, બિલ્ડીંગ નં. ૭૪, તિલક નગર, |
| (PS 2332) | ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯. મો.: ૯૩૨૦૮ ૯૨૮૦૪ |
| **ચંદ્રેશ પી. ધરમશી** | બી-વિંગ, ફ્લેટ નં. ૬૦૪, ૬ઠે માળે, બિલ્ડીંગ નં. ૬૮, તિલક નગર, |
| (PS 7273) | ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯. મો.: ૯૭૬૯૨ ૧૯૧૮૧ |
| **તુષાર પી. લોડાયા** | ૧૫૦૨, લોટસ, અગાસન, અગાસન-દીવા રોડ, અગાસન, |
| (PS 1650) | થાણે - ૪૦૦ ૬૧૨. |
| **કિનન્ત એમ. દંડ** | ફ્લેટ નં. ૫, વૃંદાવન સોસાયટી, પ્લૉટ નં. ૨૬, સેક્ટર નં. ૧૫, |
| (PS 2632) | ગુજરાતી સમાજની સામે, વાશી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૩. મો.: ૯૯૨૦૬૯૬૬૬૮ |
| **નિલેશ સી. ભાટે (લોડાયા)** | સંભવનાથ કૃપા બંગલો, નંદનવન કૉલોની, બુરૂડગાવ રોડ, |
| (PS 7271) | અહમદનગર - ૪૧૪ ૦૦૧. |
| **રમેશ એમ. દંડ** | ફ્લેટ નં. ૩૦, કૃપા સાગર કો.હા.સો., ચિત્રા ડેરી પાસે, અંબિકા નગર, |
| (PS 7074) | ગોગ્રાસ વાડી, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **ભુપેન્દ્ર એલ. ડાઘા** | એ-૧૦૪, ૧લે માળે, પ્રાંશુ પ્રાઈડ, ગાર્ડીયન સ્કૂલ, નાંદિવલી-ભોપાર રોડ, |
| (PS 3309) | ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૮૧૯૮૮૩૫૨૨ |
| **રાજેશ ડી. મોતા** | રૂમ નં. ૫, રૂપા બાઈ નિવાસ, દત્ત નગર, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| (PS 3351) | મો. : ૯૮૨૦૯ ૪૮૨૪૬ |
| **ચેતન એલ. ખોના** | એ-૧૦૧, ઐશ્વર્ય કિરણ, દેશલેપાડા, નાંદિવલી રોડ, |
| (PS 7272) | ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૩૨૨૮૭૧૦૧૯ |
| **ખુશાલ વી. શાહ (છેડા)** | ૨૦૧, બી-૨૦, એકેશિયા, રીજેન્સી એસ્ટેટ, દાવાડી, કલ્યાણ-શિલ રોડ, |
| (PS 3929) | ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૩. |
| **મહેન્દ્ર ડી. નાગડા** | નિવૃત્તિ નગર પાછળ, બાપુ આશ્રમ, પ્લૉટ નં. ૫/૬/૭, ગેટ નં. ૨૦/૩, |
| (PS 4600) | અહરામ શિવરતન ચોક, જલગાવ - ૪૨૫ ૦૦૧. |
| **મિતેશ જે. નાગડા** | મહાવીર કોલોની, કાતરકી રોડ, કોપ્પલ - ૫૮૩ ૨૩૧. (કર્ણાટક) |
| (PS 5762) | મો.: ૯૮૪૫૩૬૬૨૫૧ |
| **જીતેન સી. દંડ** | ૯એ, ૧લે માળે, વેંકટસ્વામી રોડ (ઈસ્ટ), આર. એસ. પુરમ, |
| (PS 6020) | કોઈમ્બતુર ૬૪૧ ૦૦૨. |
| **ચીમનલાલ કે. નાગડા** | ૫/૧૦૦૨, પંડિત ટેમ્પલ રોડ, ગુજરાતી સ્કુલ પાસે, |
| (PS 5924) | કોચીન - ૬૮૨ ૦૦૨. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૫-૧૬ | ડોંબીવલી | દિવ્યેશ, મુક્તી ધવલ ઉમેશ ખોના | સાંધવ | પુત્ર |
| ૧૩-૦૭-૧૬ | ડોંબીવલી | યતિન, મીતા હરીશ મોમાયા | વરાડીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૮-૧૬ | ડોંબીવલી | નેવીલ વર્ધમાન રતનશી મેઘજી લોડાયા | સાંધવ | ૨૯ |
| | સંઘવા | પ્રીતિ ગુલાબ ડુંગરશી ખોના | નલીયા | ૨૬ |
| ૦૪-૦૮-૧૬ | ડોંબીવલી | જીગર ભરત ત્રિકમજી માણેકજી મૈશેરી | જખૌ | ૨૮ |
| | ડોંબીવલી | સ્નેહા કીરીટ વેલજી ભારમલ ખોના (કાયાણી) | જખૌ | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૮-૧૬ | નવી દિલ્હી | અમોલક જોગીન્દરસીંગ સરદારસીંગ સૈની | ચંડીગઢ | ૨૫ |
| | ઘાટકોપર | નિરાલી ધનરાજ રાયચંદ નથુભાઈ દંડ | મંજલ રેલડીયા | ૨૩ |
| ૦૪-૦૮-૧૬ | ઘાટકોપર | ભાવિન વિજયભાઈ સુમતીલાલ રેવચંદ શાહ | મલકાબ | ૨૫ |
| | ઘાટકોપર | મિતલ જીતેન્દ્ર વિશનજી ભીયશી ખોના | સુખપર (તેરા) | ૨૫ |
| ૦૪-૦૮-૧૬ | મુલુંડ | વરૂણ કમલેશ રતીલાલ જાદવજી નાગડા | નલીયા | ૨૮ |
| | મુલુંડ | દર્શના રાજેશ પ્રભુદાસ પ્રાગજી ગણાત્રા | ટંકાશ | ૨૮ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૩-૧૬ | ડોંબીવલી | વિશાલ વીરચંદ વિશનજી નાગડા | રાપર ગઢવારી | ૨૯ |
| | ડોંબીવલી | કિંજલ મુલચંદ નરશી લોડાયા | રાપર ગઢવારી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૮-૧૬ | કલવા | લક્ષ્મીચંદ ટોકરશી પદમશી ધરમશી | નાની ખાવડી | ૮૨ |
| ૦૨-૦૮-૧૬ | મુલુંડ | કુમારપાળ પાશવીર મોમાયા | વરાડીયા | ૮૨ |
| ૦૨-૦૮-૧૬ | ઈન્દોર | દિનેશ દેવજી ધરમશી | સાંયરા | ૭૩ |
| ૦૩-૦૮-૧૬ | ડોંબીવલી | ઉમરશી વસનજી ખીયશી વિકમશી | કોઠારા | ૬૩ |
| ૦૪-૦૮-૧૬ | ભાંડુપ | પુષ્પાબેન ગોવિંદજી મોતા | તેરા | ૭૯ |
| ૦૫-૦૮-૧૬ | ડોંબીવલી | શીલાવંતી પદમ ધનજી મોમાયા | વરાડીયા | ૫૨ |

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

આ વખતે હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૧-૦૮-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૦-૦૮-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૧-૦૮-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 096192 70430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યાએવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

# હાર્દિક અભિનંદન



કુમારી કાનન ચેતન રતાણી

B.Com., PGDBF, CA

## કુમારી કાનન ચેતન રતાણી (લોડાયા)

**CA**

તેરા / પૂના — જન્મ તારીખ : ૦૯-૦૪-૧૯૯૨

ચિ. કાનન એ દેવ-ગુરુની અસીમ કૃપાએ, વડીલોના આશિર્વાદ, તેમજ પોતાની અથાક મહેનત અને લગનથી, CA Final 2016 ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ, સમસ્ત રતાણી તથા શિઆલ પરિવારનું ગૌરવ વધારેલ છે. જીવનના દરેક ક્ષેત્રે એના યશસ્વી ભાવિ માટે અમારી મંગલ શુભકામના.

❋ શુભેચ્છા ❋

બહેન : કુ. તન્વી સીરાજ રતાણી

બહેન : કુ. સિમરન ચેતન રતાણી

❋ શુભાશિષ ❋

દાદીમાં-દાદાજી : માતુશ્રી કાંતાબેન લક્ષ્મીચંદ શીવજી રતાણી (તેરા/પૂના)

નાનીમાં-નાનાજી : સૌ. નિર્મળાબેન શાંતિલાલ મુલજી શિઆલ (જખૌ/મુંબઈ)

મોટા કાકી-કાકા : ડૉ. રીટા સીરાજ લક્ષ્મીચંદ રતાણી (તેરા/USA)

E-mail : sirajratani@hotmail.com Mob. : 001 631 816 4189

માતા-પિતા : સૌ. હિના ચેતન લક્ષ્મીચંદ રતાણી (તેરા/પૂના)

E-mail : hina_ratani@hotmail.com Mob. : 094209 75555

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના દ્વારા અષાઢી બીજની યાદગાર ઉજવણી





શ્રી ક.દ.ઓ. જૈન સંઘ દ્વારા તા. ૧૦-૭-૨૦૧૬ના સિમ્બોઈસીસના સભાગૃહમાં અષાઢી બીજની ઉજવણી ઉમંગ અને ઉલ્લાસપુર્વક કરાયેલ.

પ્રથમ, વાર્ષિક સામાન્ય સભા યોજાયેલ જેનું સંચાલન મંત્રી શ્રી દુષ્યંત લાપસીયાએ કરેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમોનું સંચાલન કુમારી દિવ્યા શરદ મોમાયા તથા સંકેત સતીશ લાલકાએ કરેલ, બાળકોએ ખુબજ આકર્ષિત રીતે વેશભુષા પ્રસ્તુતીકરણ કરેલ. બે કચ્છી લઘુ નાટિકાઓ ભજવાયેલ જેમાં 'કલ આજ ઓર કલ' જે જીનલે બીજું 'તારક મહેતા જા ઉલટા ચશ્મા' જે પ્રશાંત ગોસર અને સંકેત લાલકાએ દિગ્દર્શીત કરેલ આલેખકો હતા ભાવના મહેશ્વરી અને ભાવીન નાગડા.

શ્રી ખુશાલ અને ભાવના મહેશ્વરી દ્વારા નિર્દેશીત કાર્યક્રમ 'લોકગીતોની બહાર' ખુબજ મનમોહક અને લોકપ્રિય બનેલ જેમાં ચૌદથી કરી ચોર્યાશી વરસ સુધીના ૩૭ કલાકારોનો સમાવેશ રહેલ. પુને કે.ડી.ઓ. સ્પોર્ટસ ક્લબ દ્વારા ૫૬ લોકોએ રમતગમત અને ખેલદીલીનું મહત્વ અંકિત કરતો સુંદર દેખાવ કરાયેલ જેના નિર્દેશક હતા ડિમ્પલ ધરમશી તથા પીંપરી-ચિંચવડ પરિસર વંદે માંતરમ્ ને લઈ સુંદર ફોર્મેશન્સ અને સરસ નૃત્યનું પ્રદર્શન કરેલ. સંપુર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમોના કોઓર્ડીનેટર્સ હતા. ખુશાલ મહેશ્વરી, ભાવના મહેશ્વરી અને દુષ્યંત લાપસિયા. દ્વિતીય સત્રમાં સુંદર કલા અને નૃત્યોનું પ્રસ્તુતિકરણ થયેલ.

કાર્યક્રમના મુખ્ય દાતા માતુશ્રી ઈન્દુબેન હિરાચંદ છેડા હસ્તે યતીશભાઈ, શ્રીમતી ભારતીબેન હંસભાઈના સ્મરણાર્થે હસ્તે હંસકુમારભાઈ ખીમજી તથા શ્રીમતી મધુરીબેન કાંતિલાલ લોડાયા સપરિવાર તથા માતુશ્રી વેલબાઈ પદમશી માડણ પરિવાર હસ્તે રમેશભાઈ હતા.

# શ્રદ્ધાંજલિ ચોથી માસિક પુણ્યતિથીએ....

દાદા





**સ્વ. વિપુલ નવીનચંદ મોમાયા**

જન્મ : ૧૯-૦૨-૧૯૭૫

સ્વર્ગવાસ : તા. ૨૧-૦૫-૨૦૧૬

દાદી



**સ્વ. વિશનજી દામજી મોમાયા**

સ્વર્ગવાસ : તા. ૧૦-૦૭-૧૯૮૦

**સ્વ. સોનબાઈ વિશનજી મોમાયા**

સ્વર્ગવાસ : તા. ૧૫-૦૮-૨૦૦૭

રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર તમારી...
કર્મ સદાય એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે...
જીવન એવું જીવ્યા કે મૃત્યુ પણ શરમાઈ ગયું,
જીવન ટુંકું પણ શ્રેષ્ઠ જીવી ગયા...
સર્વત્ર સુવાસ ફેલાવી સૌના હૃદયમાં સમાઈ ગયા!

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી અનંતનાથ દાદા એમના દિવ્ય આત્માને
પરમ શાંતિ આપે એજ અભ્યર્થના

શોકાતુર : માતા-પિતા : **અ.સૌ. હીરાબેન નવીનચંદ મોમાયા** (વરાડીયા)

ધર્મપત્ની : **પારૂલ વિપુલ મોમાયા**

પુત્ર : **ચિ. દેવાંગ વિપુલ મોમાયા**

**અમારા દુ:ખમાં સહભાગી થનાર સર્વે કુટુંબીજનો, સ્નેહી સંબંધીઓ,
ક.દ.ઓ. જૈન મહાજન તથા જૈન મિત્ર મંડળ વરાડીયા, સિલ્વર હાઈટસ મુલુન્ડના રહેવાસી તથા
મસ્જીદ બંદર જૈન સંઘના રહેવાસીઓની
આભાર સહ અનુમોદનાર્થે યોજેલ**

**મહામંત્ર નવકાર જાપ અનુષ્ઠાનમાં આમંત્રણ**

**શ્રી જયંતભાઈ રાહી**ના સથવારે

**સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૬**ના સવારના ૭.૩૦ વાગ્યે અનંત સિધ્ધિ, ભાંડુપમાં
**પૂ. સ્વ. વિપુલ નવીન મોમાયા** તથા તેમના દાદા-દાદીના આત્મશ્રેયાર્થ યોજેલ છે.
સર્વે કુટુંબીઓ સ્નેહીજનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

લાભાર્થી : **સ્વ. સોનબાઈ વિશનજી દામજી મોમાયા પરિવાર** (કચ્છ વરાડીયા)

## સ્વ. પૂ. ઉમરશીભાઈ શામજી મેપાણી
## કે પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**પરજાઉ - મુંબઈ**

જન્મ : તા. ૧૧-૧૦-૧૯૩૦

સ્વર્ગવાસ : તા. ૧૯-૮-૨૦૧૫

### સદાંય સંભરધી રોંધી આંજી મિઠ્ઠી મુશ્કાન

આત્મીયતાથી છેલ્લોછેલ્લ ભરેલા,
વરી મોંતેં વે મિઠ્ઠી મુશ્કાન ઈ ઉમરશી ભાઈ મેપાણી,
સદાંય ર્યા પિંઢમેજ મસ્તાન
વિંયા પોય ૩૩વરે રૈ વિનાય ગિણો ભાર્યા મલ્યાબાઈ જો સાથ,
મથા વિનાયો વડી ધી ભક્તિને
તેં પોય જુવાન પુત્તર પ્રદીપ વેંધે જભરો લગો આઘાત
જીરવ્યા ન જીરવાજે ને રૂઝ ન વરે કડેં,
એળા ત્રે ત્રે લગા કારમા ઘા
જભરી હિંમતસેં ઉમરશીભા અગ્યા હલ્યા,
ને કડેં ન વર્યા પાં,
નોંની સરોજકે ધી ભનાઈ દીલાશો ડે,
ઘરમેં રખી રખ્યાં સંભાર
પુતરીને પોતરેંકે ભણાય-કેળવીને,
પુતરીજો વિંયા ક્યાં જોરધાર
સરોજચે હે પિતામહ : અસીં કીં ભૂલી શગોં?
આંજા અનંત ઉપકાર
ને કીં ભૂલી શગોં ? આંજા ડેનેલા ઉચ્ચ સોનેરી સંસ્કાર
જડેં સોયની મિલ્યા બહુ સરસ,
જુકો થ્યા ખરા માયતર.
મિણીકિજ હેળા સોયની મિલે,
ત ભનીંરિ ઉનીજો જીવતર
રશ્મિનચેં મેપાણી અને મોમાયા પરિવાર,
અંતરથી ચાહીયેં ખાસ
હે પરોપકારી પુણ્યઆત્મા,
આંજે આત્મા કે પરમ સુખ શાંતિ મિલે પ્રભુ જે પાસ

- રશ્મિન ખોના, (મુંબઈ)

પ્રાર્થયિતા : પુત્રવધુ : સરોજ પ્રદીપ મેપાણી
દીકરી : સૌ. પારૂલ યોગેશ ધુલ્લા
પૌત્રી : સૌ. શ્રધ્ધા મનીષ લોડાયા
પૌત્ર : મીત પ્રદીપ મેપાણી
દોહિત્રી : યામીનીને વૈષ્ણવી

## ।। સાતમી પુણ્ય તિથી ।।

: જન્મ : ૨૨-૧૨-૧૯૪૨

: અરિહંત શરણ : ૧૨-૦૮-૨૦૦૯



## સ્વ. કુલીનકાંત ગોવિંદજી નાગડા

હતા ગુણો આપના, પથદર્શક અમારા,
રહેશે વિચારો આપના, માર્ગદર્શક અમારા,
રહેશો સદા અમર આપ, સંસ્મરણમાં અમારા,
પામો શાશ્વત સુખ તમો, આપ ચરણમાં વંદન અમારા...

## શ્રીમતી મધુબેન કુલીનકાંત નાગડા

ગામ : તેરા, હાલ : નાંદેડ

પુત્ર અને પુત્ર વધુ - કેતન - મિનલ
પુત્ર અને પુત્ર વધુ - પારસ - દિપાલી
જમાઈ અને દિકરી - મનિષ - સોનલ (કોઈમતુર)

પૌત્ર - જીનેન, સુમીત અને ઋષભ
પૌત્રી - ટીના, દોહિત્ર - હરશિક
વ સમસ્ત નાગડા પરિવાર, નાંદેડ.

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## ક.દ.ઓ. પોકેમોન ગો – પ્રવીણ લોડાયા (વડોદરા)




'પોકેમોન ગો' મોબાઈલ ગેમ છે, જેને આ જ મહીને આઈઓએસ અને એન્ડ્રોઈડ ડિવાઈસમાં લોન્ચ કરવામાં આવી છે. આ રમતમાં આભાસી દુનિયાના પાત્રોની પકડવાની, તમને તેમની સાથે લડવાની તાલિમબધ્ધ સુવિધા આપે છે.

પોકેમેન નામના આ પાત્ર ડિવાઈસની સ્ક્રીન પર અસલી દુનિયાના પાત્રોની જેમ જ ઉભરે છે. તે ડિવાઈસના જીપીએસ અને કેમેરાનો ઉપયોગ કરે છે... પોકેમેન કયાંય આસપાસ હોય તો યુઝરને એલર્ટ કરે છે.

લોન્ચ બાદ તરત જ તે સ્માર્ટ ફોનની સૌથી વધારે યુઝ થનારી એપ બની ગઈ છે અને આ બાબતમાં તેણે ભારત સહિત વૈશ્વિક સ્તરે અનેક રેકોર્ડને પાછળ છોડી દીધા છે. આ એપ આવર્ધિત હકીકતને મુખ્ય પ્રવાહમાં લઈ આવી છે.

ચિકિત્સા જગતના કેટલાંક પ્રોફેશનલ લોકોએ આ ગેમ રમનારાઓના માનસિક અને શારિરીક સ્વાસ્થમાં સુધાર લાવવાની ક્ષમતાની પ્રશંસા કરી છે. રમત દરમિયાન ખેલાડીઓને નક્કી સ્થાને એકઠાં થવાના તથ્યને કારણે કેટલાંક આકર્ષક પરિણામો સામે આવ્યા છે.

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

## શ્રધ્ધાંજલિ



### સ્વ. શ્રી જયંતીલાલ નાંગશી લોડાયા

**નાની ખાવડી – ડોંબિવલી**

જન્મ : તા. ૦૧-૦૬-૧૯૪૫
સ્વર્ગવાસ : તા. ૧૧-૦૨-૨૦૧૬

''મુખે સદા તમને દિઠા મલકતા
અને હૈયેભરી સહજ વિનમ્રતા
પ્રાર્થે ચિંતામણિને મહાજન નાની ખાવડી
રહે ચીર શાંતિ આપના આતમમાં''

આપના ટ્રસ્ટીપદ તથા પ્રમુખપદના રાહબર હેઠળ વતન નાની ખાવડી મુકામે પર્યુષણની આરાધના, નુતન જિનાલયનું બાંધકામ, પુનહ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન સુપેરે પાર પાડેલ છે. સુંદર આયોજન તથા નિશ્વાર્થ ભાવનાની નોંધ લેવી પડે તેવું આપનું જાજરમાન વ્યક્તિત્વ હતું.

આપનું પ્રથમ ધજાનું સપનું આપના દિવ્ય આશિષથી ત્રણ દિવસનું ત્રિહાનીકા મહોત્સવનું સુંદર આયોજન કરી ભવ્ય રીતે પાર પાડેલ છે. નાની ખાવડી મહાજન, ટ્રસ્ટીગણ તથા મેનેજીંગ કમિટી આપના કાર્યને બિરદાવે છે તથા અંતહ પુર્વક નતમસ્તકે શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

**શ્રી નાની ખાવડી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**શ્રી નાની ખાવડી (હાલાર) જૈન ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરજી ટ્રસ્ટ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,